بسم الله الرحمن الرحيم

# અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશક્ય



## કિતાબ તથા સુન્નતની રોશનીમાં


મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા

**લેખક : મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**

*(સદર શોઅબએ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,**

પિન : ૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭

Web.barkatekhwaja.net Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૬૮ | આવૃત્તિ–૨ | પ્રત : ૨૦૦૦ |
| ૨૧–રબી. અવ્વલ | હિ.સ. ૧૪૪૪ | ઓક્ટોબર–૨૦૨૨ |

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**હદીયો : ૫૦/-**

# અનુક્રમણિકા


- **પ્રકાશકના બે બોલ...** *(પટેલ શબ્બીર અલી રઝવી)* 03
- **અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશકય** 05
- અલ્લાહના જૂઠ બોલી શકવા પર વહાબિયાની દલીલ 06
- અહલે સુન્નતની દલીલો 07
- ખુદા માટે જૂઠ અશક્ય હોવા બાબતે ઉલમાએ એહલે સુન્નતના ખુલાસા 10
- દામાને બાગે ''સુબ્હાનુસ્સુબ્બૂહ''ના અમુક જરૂરી લખાણો 12
- **રબનું અયબથી પાક હોવાની કિતાબુલ્લાહથી સાબિતી** 21
- બીજી સાબિતી : રબનું કલામ સત્યના અત્યંત દરજા પર છે 27
- સત્ય કહેનારના સાત દરજાઓ છે 28
- ત્રીજી સાબિતી : અલ્લાહની તસ્બીહ (પાકી)ના વિશે આયતો તથા હદીષો 32
- ચોથી સાબિતી : અલ્લાહ જેવી કોઈ ચીજ ન હોવાનું એલાન 38
- રબનું બુરી વાતોથી પાક હોવા વિશેની સાબિતી નબવી હદીષોથી 39
- અહલે સુન્નતના અકીદાનું સમર્થન 54
- રબનું અયબોથી પાક હોવા સંબંધે મુસ્લિમોનો ઈજમાઅ 56


✦✦✦

# પ્રકાશકના બે બોલ.....

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِيْمِ

ગૈર મુક઼લ્લિદો વિશે લખતાં હઝરત સદરુલ ઉલમા મૌલાના મુહમ્મદ અહમદ મિસ્બાહી مدظلہ العالی જણાવે છે : ''ગૈર મુક઼લ્લિદો (કહેવાતા અહલે હદીષ) તક઼લીદથી દામન છોડાવવા માટે કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ)નું નામ ઘણા જોર જોરથી લે છે પરંતુ તેમના અક઼ીદા તથા અમલોનું નિરીક્ષણ કરો તો કિતાબ તથા સુન્નતથી ભાગવાની વૃત્તિ ખાસ જોવા મળે છે. એ જ પ્રમાણે કોઈ અમલની ચર્ચા આવે છે તો તેઓ હદીષની માગણી કરે છે, અને હદીષની કિતાબોમાં પણ ખાસ બુખારી તથા મુસ્લિમનું નામ લે છે, એટલે કે એ બંનેમાં જે છે તે જ દીન અને શરીઅત છે અને એની બહાર જે કાંઈ છે તેનો કોઈ ભરોસો નથી ! ભલે તે મજબૂતથી મજબૂત દલીલથી સાબિત હોય.

પ્રસ્તુત કિતાબમાં ગૈર મુક઼લ્લિદોના મોટા મોટા દાવાઓની પોલ ઘણી જ સરળ રીતે ખોલી નાખવામાં આવી છે અને એ બતાવવામાં આવ્યું છે કે ક઼દમ ક઼દમ પર સહીહૈન (સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમ)થી તેમનુ ભાગવું અને કિતાબ તથા સુન્નતથી દૂરી તેમના ખમીરમાં પ્રવેશલ છે.

આ કિતાબમાં જે કાંઈ લખવામાં આવેલ છે દલીલો તથા સાક્ષીઓની મજબૂત ઝંઝીરોથી જકડવામાં આવેલુ છે. આંખો જોતી હોય તો જુઓ ! કાન બહેરા ન હોય તો સાંભળો ! ખુલ્લા દિલથી અભ્યાસ કરો. આમાં હિદાયત તથા બસીરતનો સામાન

પુષ્કળ પ્રમાણમાં પૂરો પાડેલો જોશો. والله الهادي والنصير

*(સહીહૈનસે ગૈર મુકલ્લિદીન કા ઈન્હેરાફ, પેજ : ૬)*

પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! ગૈર મુકલ્લિદો તથા દેવબંદીઓના "સંયુક્ત" પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "યક રોઝી" કિતાબમાં લખ્યું છે, "ખુદા જૂઠુ બોલી શકે છે." (મઆઝલ્લાહ !) તો કહેવાતા અહલે હદીષ, ગૈર મુકલ્લિદો પણ તેમજ તેમના ભાઈ દેવબંદીઓ પણ ઈન્સાફની નજરે આ કિતાબ વાંચે અને કુર્આન હદીષની રૂએ હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી (સદર મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપુર)એ આ કિતાબમાં બદ્અકીદાનું કેવું ખંડન કરેલ છે તેનો અભ્યાસ કરે અને સત્યના ચાહક હોય તો તૌબા કરી લે. અને સુન્ની ભાઈઓને પણ વિનંતિ કે આ કિતાબનો જરૂર અભ્યાસ કરે અને વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ વગેરેથી દૂર રહીને પોતાના ઈમાનની હિફાઝત કરે કે જેમના અકીદામાં અલ્લાહ માટે એ માન્યતા છે કે, "અલ્લાહ જૂઠ બોલી શકે." અને તેમની નબી વલી માટેની ગુસ્તાખીઓ તો જગ મશહૂર છે ! માટે આવા બદ્અકીદાઓથી ઉઠક, બેઠક, દોસ્તી, સગાઈ, શાદી વગેરેથી તદ્દન દૂર રહે અને પોતાના તથા પોતાની ઔલાદોના ઈમાનની રક્ષા કરે.

આ લખાણ મુફ્તી સાહબ કિબ્લાની બે જિલ્દોમાં છપાયેલી કિતાબ "સહીહૈન સે ગૈર મુકલ્લિદીન કા ઈન્હેરાફ"માંનો ફક્ત પ્રથમ મસ્અલો જ છે, હજી જિંદગી બાકી રહી તો ક્રમશઃ સર્વ મસ્અલા પ્રકાશિત કરીશું. ઈન્શા અલ્લાહ !

***–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

*તા. ૧૭–૧૦–૨૦૨૨, દયાદરા*

بسم اللہ الرحمٰن الرحیم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

# અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશકય

ખુદાએ સુબ્બૂહ તથા કુદુસ જૂઠ તથા દરેક પ્રકારની કમી તથા અયબથી પાક તથા પવિત્ર છે, કેમ કે અલ્લાહ ﷻની કમાલોવાળી જાતમાં કમી તથા અયબ અશક્ય છે. આ મુસ્લિમ ઉમ્મતનો ઈજમાઈ અક઼ીદો છે.

એનાથી વિરૂધ્ધ વહાબી ગૈર મુક઼લ્લિદો એ અક઼ીદો ધરાવે છે કે અલ્લાહ જૂઠુ બોલી શકે છે. તેઓ કહે છે કે બંદો જૂઠ પર ક઼ાદિર (શક્તિમાન) છે, જો અલ્લાહ તેના પર ક઼ાદિર ન હોય તો બંદાની કુદરત ખુદાએ ક઼દીરની કુદરતથી વધી જશે ! જેમ કે ઈમામુત્તાઈફા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાની પુસ્તિકા ''યક રોઝી''માં લખે છે :

**ફારસીનો અનુવાદ** : હું કહું છું કે, ''ખુદા માટે જૂઠ અશક્ય હોવા''થી (અલ્લામા ફઝલે હક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہની) મુરાદ જો ''મુહાલ બિઝ્ઝાત''હોય જે કુદરતે ઈલાહી હેઠળ સામેલ નથી, તો અમે નથી માનતા કે આ ''મુહાલ બિઝ્ઝાત છે'' કેમ કે કોઈ જૂઠી વાત બનાવીને ફરિશ્તાઓને બતાવવી અને નબીઓને

ઈલ્ક઼ા કરવી (દિલમાં નાખવી) ખુદાની કુદરતથી બહાર નથી, નહીં તો લાઝિમ થશે કે માણસની કુદરત ખુદાની કુદરતથી અધિક થઈ જશે, કેમ કે અધિકતર લોકો જૂઠી વાત બનાવીને પોતાને સાંભળ નારાઓને સંભળાવવા માટે ક઼ાદિર છે.

*(રિસાલા યકરોઝી ફારસી, પેજ–૧૭, ફારસી કુતુબખાના, મુલ્તાન)*

## ★ અલ્લાહના જૂઠ બોલી શકવા પર વહાબિયાની દલીલ ★

આ લખાણમાં ખુદાના જૂઠુ બોલી શકવા બાબતે જે દલીલ આપવામાં આવી છે તેનો ખુલાસો એ છે કે : "જો અલ્લાહનું જૂઠ બોલવું અશક્ય હોય તો અલ્લાહ તઆલા જૂઠુ બોલવા પર ક઼ાદિર ન થશે, જ્યારે કે મોટાભાગના માણસો એના માટે ક઼ાદિર શક્તિમાન છે. જેથી માણસની કુદરત અલ્લાહની કુદરત કરતાં વધી જશે, અને એ અશક્ય છે જેથી વાજિબ છે કે તેનું જૂઠુ બોલવું શક્ય હોય."

**ટીપ્પણી** : આ વહાબી હઝરાતની ખૂબ જ મજબૂત દલીલ છે, અને હક઼ીક઼તમાં આ સખત ધોકો તથા ફરેબ છે. આપણે ઈમામુલ વહાબિયાની આ માન્યતા પર ત્રણ હૈષિયતોથી ચર્ચા કરીશું. (૧) અક઼લી હૈષિયતથી (૨) કિતાબ તથા સુન્નતની રોશનીમાં (૩) મુસલમાનોના ઈજમાઅની દષ્ટિએ. અક઼લી હૈષિયતથી એટલા માટે કે અયબો તથા ખામીઓથી અલ્લાહ તઆલાનું પાક હોવું અને એને પાક સમજવું કેવળ શરીઅતમાં (હુકમ) આવવા પર મૌકૂફ નથી. અને "શરઈ દષ્ટિ બિંદુથી" જુઓ તો આ મસ્અલો ઝરૂરિયાતે દીનથી છે, વળી એના પર "મુસલમાનોનો ઈજમાઅ" પણ થયેલો છે.

## ★ અહલે સુન્નતની દલીલો ★

**અલ્લાહનું પાક હોવું બૌધ્ધિક દષ્ટિએ :** વહાબીઓના ઈમામે ''અલ્લાહ જૂઠુ બોલી શકે''ના બારામાં જે દલીલ આપી છે કે ''અલ્લાહ તઆલા જૂઠ પર કાદિર ન હોય તો માણસની કુદરત અલ્લાહની કુદરતથી વધી જશે'' આ તદન ધ્યાન કરવાને પાત્ર નથી.

**પ્રથમ સાબિતી :** માણસનું કોઈ કાર્ય જૂઠ સહિત અલ્લાહની કુદરતથી બહાર નથી. અલ્લાહ તઆલા બંદાનો પણ ખાલિક઼ (સર્જનહાર) છે અને તેના કાર્યોનો પણ. જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે : وَاللّٰهُ خَلَقَكُمْ وَمَا تَعْمَلُوْنَ﴿٩٦﴾ ''અલ્લાહે તમને પણ પેદા કર્યા અને તમારાં કામોને પણ.''*(સૂ. સાફ્ફાત, ૩૭/૯૬)*

''બંદો જૂઠુ બોલી શકે છે'' એનો મતલબ એ છે કે બંદો જૂઠુ બોલવાની કોશિશ કરે છે અને અલ્લાહ એ કોશિશના પરિણામે જૂઠને પેદા કરી આપે છે. બંદો પોતાના જૂઠ તથા સત્યનો ખાલિક઼ નથી, ખાલિક઼ તો અલ્લાહ જ છે.

હવે વિચાર કરો કે અલ્લાહ તઆલા બંદાના માટે જૂઠને ખલ્ક઼ ફર્માવે (સર્જન કરે) જે બંદો કદી નથી કરી શકતો, કે ''ખલ્ક઼'' (પેદા કરવું) તો ખુદાની શાન છે, અને બંદો એનાથી લાચાર છે. તો પછી બંદાની કુદરત ખુદાની કુદરતથી વધુ કેવી રીતે થઈ જશે ?! બંદો પોતાના જૂઠ તથા અમલોના સર્જનમાં પહેલાં પણ અલ્લાહનો મોહતાજ હતો અને આજે પણ અલ્લાહનો મોહતાજ છે.

**બીજી અક઼્લી સાબિતી** : ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : અહીં બે ચીજો છે, **એક** : કિઝ્બે ઈન્સાની (માણસનું જૂઠ) તે માણસની કુદરત (શક્તિ હેઠળ) મજાઝન છે અને રબની કુદરત હેઠળ હક઼ીક઼તમાં છે (કે હક઼ીક઼તમાં અને ઝાતી રીતે તેની જ છે)

**બીજી** : કિઝ્બે રબ્બાની (રબનું જૂઠ), એના પર ન માણસને કુદરત છે ન રબની કુદરતમાં છે.

તો પછી માણસની કુદરત કઈ વાતમાં મૌલા તઆલાની કુદરતથી વધી ગઈ ?!'' ............... જે ચીજ રબની કુદરતમાં હતી તે રબની કુદરતથી ક્યારે બહાર થઈ ?! *(હાશિયા ફતાવા રઝવિય્યહ, ૬/૩૩૩, કિતાબુસ્સિયર/અર્રિસાલા : સુબ્હાનુસ્સુબ્બૂહ, સુન્ની દારુ ઈશાઅત, મુબારકપુર)*

તે રબ્બાની કુદરત હેઠળ પહેલાં પણ હક઼ીક઼તમાં હતી અને હાલ પણ હક઼ીક઼તમાં છે. તો જે દલીલના આધાર પર ''ઈમ્કાન'' (શક્યતા)ની ઈમારત ખડી કરવામાં આવી હતી તે પાયો જ ન રહ્યો જેથી ''અલ્લાહ માટે જૂઠ બોલવુ ''મુહાલ બિઝ્ઝાત'' હોવામાં કોઈ શંકા નથી.

બીજા શબ્દોમાં આ રીતે સમજો કે : અલ્લાહ તઆલા બંદાથી જૂઠ સાદિર કરાવવા (બોલાવવા) પર ક઼ાદિર છે અને બંદો અલ્લાહ તઆલાથી જૂઠ સાદિર કરાવવા માટે ક઼ાદિર નથી. તો કુદરત કોની વધારે થઈ ?! અલ્લાહ તઆલાની ! અને આયતે કરીમા : اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ''બેશક ! અલ્લાહ દરેક ચીજ પર ક઼ાદિર છે.'' *(સૂ. બકરહ, ૨/૨૦)* કિઝ્બે બારીની શક્યતા (રબ

તઆલાના જૂઠ બોલી શકવા) પર દલીલ કરવું એટલા માટે યોગ્ય નથી કે આ આયત બિલ ઈત્તેફાક઼ (એકમતીએ) પોતાના ઉમૂમ (સામાન્યપણા) પર નથી, કેમ કે ખુદ રબ તઆલા ''ચીજ'' છે પણ તે પોતાની ફના (નષ્ટ થવા) પર કુદરતવાળો નથી. એ જ પ્રમાણે સૂવા તથા ઊંઘવા પર પણ ક઼ાદિર નથી. એ જ પ્રમાણે અને મુહાલાત (અશક્ય ચીજો) પણ તેની કુદરત હેઠળ નથી. જેથી كُلِّ شَيْءٍ એટલે ''દરેક ચીજ''થી મુરાદ તે ચીજ છે જે હાદિષ (પછી પેદા થયેલી અને ફાની હોય) તથા મુમ્કિન (શક્ય) હોય. અને જે વાજિબ અથવા મુહાલ (અશક્ય) હોય તે આ આયતે કરીમાના ઉમૂમમાં સામેલ નથી. અને જૂઠ અયબ હોવાના કારણે અશક્ય છે. જેથી આ આયતે કરીમાથી દલીલ પુરવાર નથી થઈ શકતી.

અલ્લાહ તબારક વ તઆલા સર્વ કમાલવાળી સિફતો (ખૂબીઓ) સત્ય સહિત હમેશાંથી હમેશાં માટે (અઝલન અબદન) ખૂબીઓ ધરાવનાર છે. કદી એ સિફતો (ખૂબીઓ) તેનાથી અલગ નથી થઈ શકતી, એટલા માટે જૂઠ તથા દરેક પ્રકારની અયબો તેનાથી મુહાલ બિઝ્ઝાત (ઝાતી તૌર પર અશક્ય) છે.

હે મુસલમાન ! હક઼ીક઼ી કમાલ એ છે કે તે કમાલવાળાની નફ્સે ઝાત મુક઼તઝીએ જુમ્લા કમાલત (ખુદની જાત સર્વ કમાલોનો તક઼ાઝો કરનારી) અને મુનાફીયે તલવ્વુષાત (અયબોને નકારનારી) હોય અને ક઼તઅન (યક઼ીનન !) જે એવો હશે તેના પર દરેક અયબ તથા ખામી ''મુહાલે ઝાતી'' (ઝાતી તૌર પર અશક્ય) હશે, કે અલ્લાહની જાતથી તેની જાતનો તક઼ાઝો દૂર

થવો અથવા અલ્લાહની જાત હોય અને જાતથી વિરૂધ્ધ ચીજોનું ભેગુ થવું બંનેવ ઉઘાડી રીતે અશક્ય છે. અને બેશક ! આપણે અહલે સુન્નત આપણા રબને એવો જ માનીએ છીએ અને બેશક ! તે સાચો કમાલવાળો એવો જ છે. *(ફતાવા રઝવિય્યહ, ૬/૨૩૯)*

ઉલમાએ અહલે સુન્નતે એના બારામાં સ્પષ્ટ ખુલાસાઓ કરેલા છે, એમાંથી અમે અમુક નક્લ કરીએ છીએ :

## ★ ખુદા માટે જૂઠ અશક્ય હોવા બાબતે ઉલમાએ એહલે સુન્નતના ખુલાસા ★

★ **''મુસલ્લમુષ્ષબૂત''** અને તેની શરહે જલીલ ''ફવાતિહુર્રહમૂત'' (૧/૪૩)માં છે :

અરબીનો અનુવાદ : **મોઅતઝલાએ એહલે સુન્નતને સંબોધીને કહ્યું કે** જો અક્લી હુકમ ન હોય તો કિઝ્બે બારી મુહાલે અક્લી એટલે ખુદાનુ જૂઠ બોલવું બૌધ્ધિક રીતે અશક્ય ન રહે, જયારે કે એને આપણે સૌ મુહાલે અક્લી માનીયે છીએ.

તો **અહલે સુન્નતે તેમને એ જવાબ આપ્યો કે** ખુદાનું જૂઠ બોલવું એટલા માટે મુહાલે અકલી (બૌધ્ધિક રીતે) અશક્ય છે કે એ ખામી તથા અયબ છે, જેથી વાજિબ છે કે અલ્લાહ તઆલાને તેનાથી અલિપ્ત તથા પાક માને. અને એના બારામાં અમારા તથા તમારા વચ્ચે કોઈ ઝઘડો (વિવાદ) નથી કેમ કે એકમતીએ બૌધ્ધિક રીતે (અક્લન્) અલ્લાહ તઆલા માટે મુહાલે અક્લી છે.

એનું કારણ એ છે કે જૂઠ અયબ છે જે ખુદાએ બરહક્ક્ના

ખુદા હોવાથી વિરૂધ્ધ અને તેના માટે અશક્ય છે.

એ જ કારણે ફિલોસોફરો (હુકમા) જેઓ કોઈ નબી પર ઈમાન નથી ધરાવતા અને કોઈ શરીઅતને માનનારા નથી, તેઓ પણ જૂઠને અયબ તથા ખુદા તઆલા માટે અશક્ય (મુહાલ) જાણે છે.

★ ''શર્હે અક઼ાઈદ''માં છે :-

**(અરબીનો અનુવાદ)** : જૂઠ અયબ છે અને અયબ અલ્લાહ તઆલા માટે મુહાલ છે (અશક્ય) છે, જેથી અલ્લાહનુ જૂઠ બોલવું શક્ય ચીજો (મુમ્કિનાત)માંથી નથી, ન અલ્લાહ તઆલાની કુદરતમાં સામેલ છે, જેવી રીતે અયબના અન્ય સબબો સામેલ નથી. દા.ત. કે જાહિલ (અજ્ઞાન) હોવું, લાચાર હોવું, શક્ય ચીજોમાંથી નથી, ન તો રબની કુદરતમાં સામેલ છે.

*(શર્હે અક઼ાઈદ, ૨/૧૯૫–૧૯૭)*

આ ઘણા જ સ્પષ્ટ શબ્દોમાં ખુલાસો છે કે અલ્લાહ તઆલા માટે જૂઠ, જેહાલત, લાચારી અશક્ય બાબતોમાંથી છે, કેમ કે એ સૌ અયબો છે, અયબ તથા ખામી રબ તઆલાની કુદરત હેઠળ નથી, જેથી અલ્લાહ તઆલાથી જૂઠ મુહાલ બિઝ્ઝાત (તેની જાતથી જૂઠ બોલવું અશક્ય) છે.

★ શર્હે મક઼ાસિદના 'મુબહષે કલામ''માં છે :-

**(અરબીનો અનુવાદ)** : જૂઠ એ ઉમ્મતના ઈજમાઅથી મુહાલ (અશક્ય) છે, એટલા માટે કે જૂઠ બુધ્ધિશાળીઓ નજીક એકમતીએ અયબ તથા ખામી છે, અને અયબ અલ્લાહ તઆલા

માટે અશક્ય છે કેમ કે એ લાચારી અથવા અજ્ઞાનતા અથવા બેકારની નિશાની છે. *(શર્હુલ મક઼ાસિદ, ૪/૧૫૮)*

**★ મવાકિ઼ફની ''બેહષે કલામ''માં છે :-**

(અરબીનો અનુવાદ : અહલે સુન્નત તથા મોઅતઝલા સૌની એકમતી છે કે અલ્લાહ તઆલાથી જૂઠ અશક્ય છે. મોઅતઝલા તો એટલા માટે મુહાલ (અશક્ય) કહે છે કે જૂઠ ખરાબી (બુરૂ) છે અને અલ્લાહ સુબ્હાનહૂ કોઈ બુરુ કામ નથી કરતો. અને આપણા અહલે સુન્નતની નજીક અલ્લાહ ﷻથી જૂઠ એટલા માટે અશક્ય છે કે જૂઠ અયબ છે અને અયબ અલ્લાહ તઆલા માટે ઈજમાઅ સાથે અશક્ય છે. *(શર્હુલમવાકિફ઼ અલ જુઝષામિન, મિનલ મુજલ્લદિર્રાબિઅ, પેજ-૧૧૪)*

આ લખાણોમાં મુહાલ (અશક્ય)થી મુરાદ મુહાલ બિઝ્ઝાત છે કે ખામી તથા અયબ અલ્લાહ તઆલા માટે અશક્ય ચીજોમાંથી છે અને એ તેની કુદરત હેઠળ નથી આવતાં.

આ પરથી જાણવા મળ્યું કે **આ ફિત્નાઓથી ભરપુર દૌરમાં ''ખુદા જૂઠ બોલી શકે''નો ફિત્નો ખાસ વહાબીઓએ કાઢયો છે, અને જે દલીલના આધારે કાઢયો તે કેવળ ધોકો તથા પ્રપંચ જ છે જેવું કે વર્ણવવામાં આવ્યું.**

## ★ દામાને બાગે ''સુબ્હાનુસ્સુબ્બૂહ''ના અમુક જરૂરી લખાણો ★

અમે આ સ્થાને મુજદ્દિદે ઈસ્લામ મૌલાના અહમદ રઝાખાં قدس سرہની એક કિતાબ ''દામાને બાગે સુબ્હાનુસ્સુબ્બૂહ''નાં

અમુક જરૂરી લખાણો રજૂ કરીએ છીએ જેનાથી "રિસાલા યક રોઝી"ની દલીલ અને તેના લેખકની માન્યતાની ખરાબી સારી રીતે પ્રદર્શિત થઈને સામે આવી જશે, ઈન્શા અલ્લાહુ તઆલા ! આપ લખે છે :

"મેં મારી પુસ્તિકા "સુબ્હ઼ાનુસ્સુબ્બૂહ઼ અન અયબિ કિઝ્બિ મક઼બૂહ"માં ત્રીસ આયતો (નસો) તથા ત્રીસ ક઼તઈ (યક઼ીન) દલીલો થકી સાબિત કર્યું છે કે અલ્લાહ તઆલાનું જૂઠ બોલવું અશક્ય છે. અને એ કે તેના મુહાલ બિઝ્ઝાત (તેની ઝાતથી જૂઠ અશક્ય) હોવા બાબતે **ઉમ્મતના સર્વ ઈમામોનો ઈજમાઅ** છે. મુસલમાન જેના દિલમાં તેના રબની અઝમત અને તેના કલામનું સમર્થન હોય, જો કાંઈ પણ સમજ ધરાવે છે તો તેના માટે આ જ બે અક્ષરો પૂરતા છે :–

**પ્રથમ** : એ કે કિઝ્બ (જૂઠ) એવી ગંદી, નાપાક અયબ છે જેનાથી થોડી જાહેરી ઈજ્જતવાળો પણ બચવા ચાહે છે અને પોતાની તરફ તેની નિસ્બતથી શરમ અનુભવે છે. જો તે અલ્લાહ ﷻના માટે શક્ય બન્યું તો તે અયબી, ખામીયુક્ત, નાપાક, ગંદી, ધૃણાજનક નાપાકીથી ખરડાયેલ થઈ શકે છે. શું કોઈ મુસલમાન પોતાના રબ પર આવુ ગુમાન કરી શકે છે ?! મુસલમાન તો મુસલમાન કે તેના માટે તેના રબની અમાન. પણ મામૂલી સમજવાળો યહૂદી તથા નસરાની પણ આવી વાત પોતાના રબના માટે પસંદ કરશે નહીં. પાકી છે તેને જેના ઈજ્જત તથા જલાલના પર્દાની આસપાસ કોઈ અયબ તથા ખરાબીનું ફરકવું ક઼તઅન મુહાલ બિઝ્ઝાત છે, જેની અઝમત તથા કુદુસિયતને દરેક અયબ

તથા ખરાબીથી બિઝ્ઝાત વિરૂધ્ધ છે.

અહલે સુન્નતનો મઝહબ એ છે કે સર્વ જહાન હાદિષ તથા નવુ સર્જન પામેલ છે, અને તેને બનાવનારો કદીમ (હમેશાંથી છે) અને કદીમી સિફતો (હમેશાંની ખૂબીઓ)વાળો છે. ન તેનું જેહલ (અજ્ઞાનતાવાળો હોવું) શક્ય છે ન જૂઠા હોવું શક્ય છે, ને એનામાં કોઈ પ્રકારના અયબ તથા ખરાબીઓની શક્યતા છે.

**બીજુ** : એ કે જ્યારે તેનુ કિઝ્બ (જૂઠા) હોવું શક્ય થાય તો તેનું સિદ્ક (સાચા હોવું) જરૂરી ન રહ્યું. જ્યારે તેનું સાચા હોવું જરૂરી ન રહ્યું તો તેની કઈ વાત પર સંતોષ થઈ શકશે ?! દરેક વાતમાં અંદેશો રહેશે કે કદાચ જૂઠી કહી આપી હોય ! જ્યારે તે જૂઠી બોલી શકે છે તો એ યક઼ીનનો કયો ઝરીયો છે કે તેણે કદી બોલ્યું ન હોય. શું એને કોઈનો ડર છે ? અથવા તેના પર કોઈ હાકિમ કે અફસર છે જે તેને દબાવશે અને જે વાત તે કરી શકે છે તે ન કરવા દેશે ?!

હા ! ઝરીયો કેવળ એ જ થઈ શકતો હતો કે ખુદ તેનો વાયદો હોય કે : ''હમેશાં સાચુ બોલીશ ! અથવા તેણે ફર્માવી આપ્યું છે કે મારી સર્વ વાતો સાચી છે.''

પણ જ્યારે તેનુ જૂઠા હોવું શક્ય બન્યું તો મુદ્દલે જ આ વાયદા તથા ફર્માનના જ સાચા હોવા પર શું સંતોષ રહ્યો ? બની શકે છે કે પ્રથમ જૂઠ એ જ બોલ્યો હોય !

સારાંશ કે મઆઝલ્લાહ ! તેનું જૂઠ બોલવું શક્ય માનીને દીન તથા શરીઅત અને ઈસ્લામ તથા મિલ્લત કોઈનું અસલમાં ઠેકાણુ નથી રહેતુ ! બદલો તથા સજા, જન્નત તથા જહન્નમ,

હિસાબ તથા કિતાબ, હશ્ર તથા નશ્ર કોઈના પર ઈમાનનો કોઈ ઝરીયો નથી રહેતો. تعلی اللّٰہ عمّا یقولُ الظّٰلِمون عُلوّا کبیرًا ''અલ્લાહ તઆલા જાલિમોની બકવાસથી ઘણો જ બુલંદ છે.'' *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૬, પેજ–૨૭૫)*

**ત્રીજુ** : આ કાઈલે (કહેનારે) પોતાના રિસાલા યક રોઝીમાં જ્યાં આ નાપાક દલીલ લખી છે ત્યાં એ જાહેર કર્યું કે ખુદાનુ જૂઠ બોલવું શક્ય બિઝ્ઝાત હોવા પર પણ ''મુમ્તનઅ બિલગૈર'' (કોઈ અન્ય કારણે અશકય) જરૂર છે, પણ દલીલ એ રજૂ કરી જેણે મુમ્તનઅ બિલગૈરને પણ સાફ ઉડાડી આપ્યું.

જાહેર છે કે માણસનું જૂઠ બોલવું ન મુમ્તનઅ બિઝ્ઝાત ન મુમ્તનઅ બિલગૈર છે, બલ્કે દરરોજ દિવસ રાત હજારો વાર બને છે, તો જૂઠા પર તેની કુદરત આઝાદ થઈ જેના પર કોઈ રોક નથી અને બરાબર કામ આપી રહી છે પણ ખુદાની કુદરત બંધાયેલી તથા સીમિત છે કે રજૂ કરવાની મજાલ નથી, અને શંકા નથી કે આઝાદ કુદરત સીમિત કુદરત પર અગ્રતા ધરાવે છે. તો આ રીતે શું ઈન્સાની કુદરત તેની કુદરત કરતાં ઉચ્ચતાવાળી ન રહી ?! કોઈ ઉપાય વિના તમારા માટે જરૂરી છે કે ઈમ્તિના બિલ ગૈર પણ ન માનો કે ઈન્સાની કુદરતથી શરમાવું તો ન પડે.

**ચોથું** : આખી વાત એ છે કે એ શખ્સે માણસના કામોને ખુદાની કુદરતથી અલગ સમજ્યાં છે કે માણસ પોતાનાં કામ પોતાની કુદરત વડે કરે છે. આ રાફઝીઓ મોઅતઝલીઓ ફિલોસોફરોનો મઝહબ છે. અહલે સુન્નતની નજીક ઈન્સાની હયવાની સર્વ જહાનોનાં કામો, વાણીઓ, અમલો, હાલતો સૌ

અલ્લાહ ﷻની જ કુદરતથી અસ્તિત્વ પામે છે. અન્યોની કુદરત એક જાહેરી કુદરત છે જેને તાષીર તથા ઈજાદ (અસ્તિત્વમાં લાવવા)માં કોઈ દખલ નથી. સર્વ કાઈનાત તથા મુમ્કિનાત (સૃષ્ટિ તથા શક્યતાઓ) પર અસરકારક કુદરત ખાસ અલ્લાહ ﷻના માટે છે. તો જૂઠ હોય કે સત્ય, કુફ્ર હોય કે ઈમાન, સુંદરતા હોય કે કુરૂપતા, ફર્માંબરદારી હોય કે ગુનાહ, માણસથી જે કાંઈ પણ થશે તે અલ્લાહની કુદરત હેઠળનું અને અલ્લાહની મખ્લૂક હશે. તેની જ કુદરત અને તેના જ અસ્તિત્વમાં લાવવાથી પેદા થશે. પછી કેવી રીતે શક્ય છે કે માણસ કોઈ કામ અલ્લાહની કુદરતથી અલગ રીતે કરી શકે ?!

મકાસિદમાં છે : (અરબીનો અનુવાદ) બંદાનું દરેક કામ અલ્લાહ તઆલાની કુદરતથી જ અસ્તિત્વમાં આવે છે, બંદાની કેવળ કોશિશ છે. અને મોઅતઝલા તથા ફિલોસોફરો કહે છે કે બંદાનુ કામ ખુદ પોતાની જ કુદરતથી થાય છે. મોઅતઝલાની નજીક શક્યતાની રીતે કે બંદાની કુદરતથી કામનું અસ્તિત્વ પામવું શક્ય છે વાજિબ નથી, અને ફિલોસોફરો નજીક વાજિબના તૌર પર કામનું અસ્તિત્વ પામવું છે કે કામ કરવું અને કુદરતમાં જુદાઈ શક્ય નથી.

**પાંચમુ** : એને પૂછો માણસને કોના જૂઠ પર કુદરત છે ? પોતાના જૂઠ પર કે ખુદાના ? જાહેર છે કે માણસ શક્તિમાન છે તો કેવળ માણસના જૂઠ પર, ન કે મઆઝલ્લાહ ! રબના જૂઠ પર. અને વિના શંકાએ માનવનું જૂઠ બોલવું જરૂર રબની કુદરત હેઠળ છે. વળી જો ખુદાનુ જૂઠ બોલવું રબની કુદરત હેઠળ ન

હોય તો ઈન્સાની કુદરત કેવી રીતે વધી ગઈ ? તે (ઈન્સાની કુદરત) ખુદાના જૂઠ બોલવા પર ક્યારે હતી ? અને જેના પર હતી એટલે માનવીના જૂઠ બોલવા પર, તો એને જરૂર રબની કુદરતે ઘેરેલ છે.

**છઠ્ઠુ** : અમે પૂછીએ છીએ કે ઈન્સાની કુદરત વધી જવાથી શું મુરાદ છે ? એ કે માનવીના મક઼દૂરો (અખત્યારો) બંદો જે વાત પર ક઼ાદિર (શક્તિમાન) છે ગણત્રીમાં ખુદાના મક઼દૂરોથી વધી જશે ?! આ તો ઉઘાડી રીતે બાતિલ છે કે જૂઠ તથા સર્વ અયબો સરકારે ઈઝ્ઝત (રબ)ના માટે સરકારે ઈઝ્ઝતની કુદરતમાં ન હોવા છતાં પણ તેના અસીમ મક઼દૂરો છે, અને માણસ કેટલીયે નાપાકીઓ પર ક઼ાદિર હોય, છેવટે તેના મક઼દૂરો સીમિત જ રહેશે. અને અસીમને સીમિત સાથે કોઈ નિસ્બત જ નથી હોય શકતી.

હા ! એવું કહો કે એક ચીજ પણ એવી કાઢવી જે માણસની કુદરત હેઠળ હોય અને રહમાનની કુદરત હેઠળ ન હોય એ અશક્ય છે. (અને બેશક ! એવું જ છે) એને "ઝિયાદતે કુદરત (કુદરતમાં વધી જવા)થી તાબીર કરેલ છે. તો હવે અમે પૂછીએ છીએ :

એ ખાસ જૂઠ કે જે ઈન્સાનથી અસ્તિત્વ પામ્યું એ ખુદાની કુદરતથી થયું કે ખુદાની કુદરતથી અલગ ?

પ્રથમ તક઼દીર પ્રમાણે એ કઈ ચીજ નીકળી જે માણસની કુદરત હેઠળ હતી અને રહમાનની કુદરત હેઠળ ન હતી, કેમ કે એ જે માણસની કુદરતથી થયું તે ખુદ માનો છો કે રહમાનની

કુદરતથી થયું, પછી (માણસની કુદરતનું) વધી જવું ક્યાં રહ્યું ?!

બીજી તક઼દીર મુજબ રહમાન જો કે મઆઝલ્લાહ ! પોતાના કરોડો જૂઠો પર ક઼ાદિર હોય તે જૂઠ, તે જૂઠના પ્રમાણે નહીં હોય જે માણસથી અસ્તિત્વ પામ્યું, બલ્કે જૂઠુ હોવામાં તેના મિષ્લ (જેમ) હશે, અને મિષ્લ પર કુદરત ચીજ પર કુદરત નથી, તે ખાસ માનવનુ જૂઠ જે ઈન્સાની કુદરતથી અસ્તિત્વ પામ્યું. તેને સ્પષ્ટપણે ખુદાની કુદરતથી અલગ કહી રહ્યા છો તો ખુદાનુ જૂઠ શક્ય બલ્કે હવે અસ્તિત્વ પામેલ માનીને પણ તે કામ ન બન્યું કે એક જે ઈન્સાની કુદરત હેઠળ હતી તે રહમાની કુદરત હેઠળ ન થઈ. તેનો પ્રકાર ખુદાની મક઼દૂર થઈ ન કે ખુદ તે ચીજ. તો તેં ખુદા તથા ઈન્સાનને જૂઠના બારામાં બે સરખા લાચાર માન્યા, કે જૂઠી વસ્તુઓમાંથી જેના પર માણસ ક઼ાદિર છે તેના પર ખુદા ક઼ાદિર નથી, અને જે ચીજ પર ખુદા ક઼ાદિર છે તેના પર માણસ ક઼ાદિર નથી.

એના પર આ મસ્અલામાં اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ (બેશક ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર ક઼ાદિર છે. સૂ. બક઼રહ, ૨/૨૦) પઢો છો અને અલ્લાહનું જૂઠ બોલવું અશક્ય જાણનારા મુસલમાનો પર લાચાર માનવાનો આક્ષેપ મૂકો છો, જ્યારે કે તમે પોતે જ તે છો કે ખુદાને બંદાના મક઼દૂરો (બંદો જેના પર ક઼ાદિર છે તેના) પર ક઼ાદિર નથી માનતા, ત્યારે જ તો પોતાની વાત ગોઠવવા માટે બંદાના મક઼દૂરાત (અખત્યારો) જેવા મક઼દૂરાત અલ્લાહ તઆલાની કરીમ જાતમાં ઘડવા ઈચ્છો છો.

એનું દષ્ટાંત આ પ્રમાણે સમજો કે ઝયદ તથા અમ્ર (કાલ્પનિક નામો) બંનેવ પોત પોતાની પત્નીને તલાક઼ આપવા પર ક઼ાદિર છે, પણ એકબીજાની પત્નીને તલાક઼ નથી આપી શકતા. તો દરેક બીજાના મક઼દૂર પર ક઼ાદિર નથી, બલ્કે તેની નઝીર (પોતાની પત્ની) પર ક઼ાદિર છે.

પરંતુ હક્ક઼ ﷻ બંને પર ક઼ાદિર છે કે એમનામાં જે પોતાની પત્નીને તલાક઼ આપશે તે તલાક઼ અલ્લાહની જ કુદરતથી અસ્તિત્વ પામશે તથા મૌજૂદ તથા મખ્લૂક઼ થશે. તો અલ્લાહ તઆલા ઝયદ તથા અમ્ર દરેકના અયને ફેઅલ (તે જ કામ) પર ક઼ાદિર છે અને મિષ્લે ફેઅલ (તેના જેવુ કામ) પર પણ ક઼ાદિર છે કે એકનું કાર્ય બીજાનું મિષ્લ હતું. પણ ઈમામુલ વહાબિયાએ તેને ખુદાની કુદરત ન જાણી, બલ્કે કુદરતના માટે એ લાઝિમ જાણ્યું કે જેવી રીતે તેઓ પોત પોતાની પત્નીને તલાક઼ આપી શકે છે તેમ ખુદા ખુદ પણ પોતાની જોરૂ★ને તલાક઼ આપી શકે. ولا حول ولا قوۃ إلا باللہ العلیّ العظیم

**સાતમુ** : આ વિવાદ બેશક ! હક્ક઼ હતો કે જેના પર માણસ ક઼ાદિર છે એના પર અને એના ઉપરાંત અસીમ ચીજો પર મૌલા ﷻ ક઼ાદિર છે. તે (માણસ) જાહેરી અતાઈ કુદરત થકી ક઼ાદિર

*★ જો કહેવામાં આવે કે અલ્લાહ તઆલા "જોરૂ"થી પાક છે તો અમે કહીશું કે તે "કિઝ્બ" (જૂઠ)થી પાક છે, જેથી જેવી રીતે તેની તરફથી તલાક઼ની કલ્પના ન થઈ શકવાને કારણે બંદાની કુદરત વધારે નથી થતી, એ જ રીતે તેનાથી જૂઠની કલ્પના ન હોવાને કારણે બંદાની કુદરત તેની કુદરતથી વધારે ન થશે.*

છે અને હક્ક઼ (તઆલા) હક઼ીક઼ી ઝાતી કુદરતથી ક઼ાદિર છે. પણ આ હક્ક઼ને એ કેવી રીતે તદ્દન બાતિલ તરફ લઈ ગયો. માણસનું કોઈ કામને કરવું કસબ (કોશિશ) કહેવાય છે, માણસની જાહેરી કુદરત કેવળ આટલા પ્રમાણમાં છે. હક઼ીક઼ી કુદરત ખલ્ક તથા ઈજાદ (પેદા કરવું કે સર્જન)માં તેનો હિસ્સો નથી, તે ખાસ મૌલા ﷻની કુદરત છે. તો આ કલમાએ હક્ક઼નો હેતુ એ હતો કે માણસ જે ચીજની કોશિશ માટે શક્તિમાન છે, અલ્લાહ તેને પેદા કરવા તથા સર્જન માટે ક઼ાદિર છે, કે તે કોશિશ ન હશે બલ્કે એ ખુદાની કુદરત છે. એ શખ્સે એવું ઘડી કાઢયું કે માણસ જે ચીજના કસબ (કોશિશ) પર ક઼ાદિર છે, રહમાન પણ ખુદ પોતાના માટે તેના કસબ પર ક઼ાદિર છે. سُبْحٰنَ اللّٰهِ رَبِّ الْعَرْشِ عَمَّا يَصِفُوْنَ ﴿٢٢﴾ ''તો પાકી છે અલ્લાહ અર્શના માલિકને એ વાતોથી જે આ બનાવે છે.'' *(સૂ. અંબિયા, ૨૧/૨૨, ફતાવા રઝવિય્યહ, ૬/૨૭૭ થી ૨૭૯)*

એવું હોવુ જોઈતુ હતું કે આ ''અહલે હદીષ'' સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમથી અલ્લાહના જૂઠ બોલવાની શકયતાની સાબિતીમાં કમસે કમ બે ચાર નબવી હદીષો એવી રજૂ કરતા જે તાવીલની સંભાવનાથી મેહફૂઝ અને મોહકમ હોત. અમુક અન્ય હદીષો સિહાહ સિત્તા વગેરેથી પણ સનદરૂપે રજૂ કરી શકતા હતા કે અમારા અહલે સુન્નત પર વિરોધ માટે આ પણ પૂરતી છે, પણ એવું ન કરી શક્યા !

હવે અમે નીચે કુર્આન હક઼ીમની અમુક આયતો તથા નબવી હદીષો રજૂ કરીએ છીએ જેનાથી ધોળા દિવસની જેમ સાબિત થશે કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા સૌથી અધિક સાચો છે અને

તેની વાતની આસપાસ જૂઠ કે જૂઠનો પડછાયો ફરકી નથી શકતો. *–અહાદીષે સહીહૈનસે ગૈર મુક઼લ્લિદીનકા ઈન્હેરાફ)*

## રબનું અયબથી પાક હોવાની કિતાબુલ્લાહથી સાબિતી

**પ્રથમ સાબિતી : અલ્લાહથી વધુ સાચુ કોઈ નથી:** અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**(૧)** وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا ''અલ્લાહથી વધુ કોની વાત સાચી છે ?!'' (સૂ. નિસાઅ, ૪/૧૨૨) તેમજ ઈર્શાદે ઈલાહી છે :

**(૨)** وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا ''કોની વાત અલ્લાહ કરતાં વધુ સાચી છે ?! *(સૂ. નિસાઅ, ૪/૮૭)*

આ આયતોનો ફાયદો એ છે કે ખુદાએ સુબ્બૂહ વ કુદુસની વાત, દરેક વાત કરતાં અધિક જૂઠની સંભાવનાથી પાક તથા અલિપ્ત છે. કોઈ વાત અને કોઈની વાત સદાક઼ત તથા સચ્ચાઈમાં એના બરાબર નથી થઈ શકતી. કેમ કે આ પ્રકારના કલમાઓમાં કેવળ અધિકતાની જ નહીં, બલ્કે મૂળથી જ સરખામણીના નકારનો હેતુ છે, જેમ કે હુઝૂર સરવરે કાઈનાત ﷺનો ઈર્શાદ છે : (હું સર્વ આદમની ઔલાદમાં સૌથી બેહતર છું) *(કિતાબુદ્ દુઅ્ફ઼ા લિલ ઔક઼ૈલી, ૨/૩૩૫, અબ્દુર્રહમાન બિન ઝબાબ અશ્અરી, દારુલ કુતુબિ ઈલ્મિયા)* એનાથી મુસલમાન એ જ સમજે છે કે, ''કોઈ શખ્સ હુઝૂરે અન્વર ﷺના બરાબર નથી.''

''અખ્બાર (ખબરો)'' ત્રણ પ્રકારની છે : ખબરે વાહિદ, ખબરે મશ્હૂર અને ખબરે મુતવાતિર. એમાં સૌથી અધિક મજબૂત

ખબરે મુતવાતિર છે, કેમ કે :

★ એ ખબર કદી હક઼ીક઼તની વિરૂધ્ધ નથી હોતી.

★ બલ્કે તેની સંભાવના પણ નથી ધરાવતી.

એટલા માટે એનાથી જે ઈલ્મ હાંસલ થાય છે તે ક઼તઈ તથા યક઼ીની હોય છે અને એમાં જૂઠની કોઈ સંભાવના તથા પડછાયો પણ નથી હોતો. આ સૌના છતાં કિઝ્બનું ઈમ્કાને ઝાતી (જૂઠની ઝાતી શક્યતા) બાકી રહે છે કેમ કે અહલે તવાતુરનું જૂઠ પર એકમત થવું ખુદાની કુદરતની બહાર નથી.

હવે જો બેનિયાઝ ખુદાના ક઼ૌલ તથા ખબરમાં પણ જૂઠની આ ઝાતી શક્યતા બાકી હોય તો પછી તેનો ક઼ૌલ તથા ખબર દરેક પ્રકારના ક઼ૌલ તથા ખબરથી, ખાસ કરીને અહલે તવાતુરના ક઼ૌલ તથા ખબર કરતાં અધિક સાચો ન થયો કેમ કે જૂઠની ઝાતી શક્યતા બંનેવ જગાએ મૌજૂદ છે, જ્યારે કે રબના ઈર્શાદનો ફ઼ાયદો એ છે કે એનો ક઼ૌલ સૌથી વધુ સાચો છે અને એની વાતથી વધુ કોઈની વાત સાચી નથી. એટલા માટે સાબિત થયું કે અલ્લાહ તઆલાથી જૂઠ અશક્ય તથા મુહાલ છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ આ આયતે કરીમાથી જે દલીલો કરી છે આ તેનો સાર તથા ખુલાસો છે. અમે અહીં આપની દલીલોની, તક઼રીરમાં અસલી લખાણો થોડાક ટૂંકાણ તથા સ્પષ્ટતા સાથે નક઼લ કરીએ છીએ જેથી પૂરી દલીલ પોતાની સમૃધ્ધતાની સાથે સામે આવી જાય.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ પ્રથમ આયતનો ભાવાર્થ તથા મુરાદ સમજાવવા માટે પ્રથમ ત્રણ મુક઼દ્દમાઓ (પ્રસ્તાવનાઓ)

વર્ણવી છે પછી તેના ફાયદાને સ્પષ્ટ કરેલ છે. શબ્દો આ પ્રમાણે છે:

રબ તઆલા ફર્માવે છે :–

وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا ''અલ્લાહથી અધિક કોની વાત સાચી છે ?!'' *(સૂ. નિસાઅ, ૪/૧૨૨)*

આયતે કરીમા નસ્સે જલી છે (સાફ દલીલ) કેમ કે જૂઠ બૌધ્ધિક (અક્લી) રીતે અશક્ય (મુહાલ) છે (એની સ્પષ્ટતા માટે ત્રણ મુક઼દ્દમાઓ (પ્રસ્તાવનાઓ) દિમાગમાં બેસાડી લો :

**પ્રથમ પ્રસ્તાવના** : તફસીર તથા હદીષના ખાદિમો તથા ફક઼ીહોના કલમાઓથી વાકેફ હઝરાત પર રોશન છે કે અમ્ષાલે ઈબારાત (લખાણનાં દષ્ટાંત) જો કે જાહેરી રીતે ગૈરની ફઝીલતની નફી (નકાર) કરે છે પણ હક઼ીક઼તમાં તે મુત્લક઼ ફઝીલત અને મર્તબાની બુલંદી તથા બરાબરીના માટે લાવવામાં આવે છે.

★ સૈયદે આલમ ﷺથી અફઝલ કોઈ નથી, એટલે કે સૈયદે આલમ ﷺ સૌથી અફઝલ છે.

★ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ صِبْغَةً ''સિબ્ગતુલ્લાહ સૌથી અહસન છે.'' *(સૂ. બક઼રહ, ૨/૧૩૮)*

★ وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ''અલ્લાહ પર જૂઠો આક્ષેપ મૂકનારથી મોટો કોઈ જાલિમ નથી.''

*(સૂ. અન્આમ, ૬/૨૧)*

આ ઈર્શાદની તફસીરમાં આ આયત હેઠળ છે : આ આક્ષેપ થોપનારથી વધીને અથવા એના જેવો કોઈ જાલિમ નથી.

*(તફસીરે અબી સઊદ, ૨/૧૮૪)*

યક઼ીનન ! આયતનો અર્થ આ છે : ''મૌલા عَزَّوَجَلَّની વાત

સૌની વાતો કરતાં અધિક સાચી છે જેના સત્યને કોઈ વાતની સચ્ચાઈ નથી પહોંચી શકતી.

**બીજી પ્રસ્તાવના** : અને સંપૂર્ણપણે જાહેર છે કે સાચી વાત જાતે પોતે અસલમાં શંકાને પાત્ર નથી કે કોઈ કારણે એમાં તફાવત (વધઘટ) માની શકીએ. સાચી સાચી વાતો પ્રસંગને અનુરૂપ સૌ એક સમાન છે. જો રજમાત્ર પણ ફરક થયો તો મુદ્દલે સત્ય જ ન રહ્યું. ઘણુ જ વધારે સાચુ, અને સાચુ ક્યાંથી સાબિત થશે ?

★ કુર્આને અઝીમે ફર્માવ્યું : مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰہِ (સૂ. ફતહ, ૪૮/૨૯) આપણે પણ કહીએ છીએ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰہِ صلی اللہ علیہ وسلم

શું તે વાકય مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰہِ કે જે કુર્આનમાં આવ્યું એ અધિક હક઼ીક઼તના પ્રમાણે છે અને આપણે જે مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰہِ કહ્યું એ ઓછુ હક઼ીક઼તના મુજબ છે ? કદાપિ નહીં ! કોઈ પાગલ પણ એમાં તફાવતનું ગુમાન કરશે નહીં.

અથવા વિવિધ વાતોમાં જોઈએ તો આ રીતે જુઓ :–
★ કુર્આને અઝીમે ફર્માવ્યું : وَ حَمْلُهٗ وَ فِصٰلُهٗ ثَلٰثُوْنَ شَهْرًا (બાળકના પેટમાં રહેવું અને તેનું દૂધ છૂટવું ત્રીસ મહીનામાં છે. સૂ. અહક઼ાફ, ૪૬/૧૫) અને આપણે કહીએ છીએ لَاإِلٰہَ إِلَّااللّٰہُ الْمَلِكُ الْحَقُّ الْمُبِیْن۔ "અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી જે બાદશાહ છે અને હક્ક઼ તથા મુબીન." તો શું તે ઈર્શાદ કે "બાળકનું પેટમાં રહેવું અને દૂધ છૂટવું ત્રીસ મહીનામાં છે." અધિક સાચો છે ? અને આ કથન કે "અલ્લાહ સિવાય કોઈ સાચો મઅબૂદ નથી."ની સચ્ચાઈમાં મઆઝલ્લાહ કાંઈ કમી છે ? જેથી સાબિત થયું કે અસ્દક઼િયત, اَشَدُّ مُطَابَقَةً لِّلْوَاقِعِ અધિક સાચુ હોવાનો એ

અર્થ લેવામાં આવે કે બીજી આયત કરતાં વધારે સાચુ છે, એ જહાલતની વાત છે.

**ત્રીજી પ્રસ્તાવના** : હા ! જોનારની દષ્ટિમાં એક તફાવત સમજમાં આવી શકે છે. અને આ અસ્દક઼ તથા સાદિક઼ (વધુ સાચા અને સાચા)માં શક પેદા થવું, એ જ હેતુ છે અને એનો જ એતબાર થશે. અને જેને બે વિવિધ વાતો સાથે તાબીર કરી શકીએ છીએ :

**(૧)** એ કે વક઼અત (પ્રતિષ્ઠા) તથા ક઼બૂલમાં અધિક છે. દા.ત. રસૂલની વાત વલીની વાતથી અધિક સાચી છે. એટલે કે એક વાત કે જે વલીથી નકલ થઈ જો તેવી જ બેટ્ટે બેટ્ટી રસૂલથી ષાબિત થઈ જાય તો તે દિલમાં પ્રતિષ્ઠા અને ક઼બૂલની શક્તિ અને દિલોમાં સુકૂન તથા ઈત્મિનાન અધિક જ પેદા કરશે કે વલીથી સાબિતી સુધી તેનો દસમો ભાગ ન હતો, ભલે ને વાત અક્ષરે અક્ષર એક (સરખી) છે.

**(૨)** "જૂઠની સંભાવનાથી અબ્અદ (દૂર) હોવું." દા.ત. મસ્તૂર (જે જાહેરમાં શરીઅતનો પાબંદ હોય)ની વાત કરતાં આદિલ (જે જાહેર તથા બાતિનમાં શરીઅતનો પાબંદ હોય)ની વાત અધિક સાચી છે. એટલે તેના (મસ્તૂરના) કરતાં જૂઠની સંભાવનાથી અધિક દૂર છે.

અને હક઼ીક઼તમાં પ્રથમ તાબીર આ જ બીજી તાબીરની તરફ પલટેલી છે કે સાંભળનારની નજીક જેટલા પ્રમાણમાં જૂઠની સંભાવનાથી દૂરી થશે એટલી જ દરજાએ વક઼અત (ઈજ્જત) તથા મક઼બૂલિયત પૂર્ણ થશે.

જ્યારે આ બાબત સ્પષ્ટ થઈ ગઈ તો આયતે કરીમાનો

ફાયદો એ થયો કે, ''અલ્લાહ ﷻની વાત દરેક વાત કરતાં અધિક જૂઠની સંભાવનાથી પાક તથા અલિપ્ત છે. કોઈ ખબર અને કોઈની ખબર આ બાબતમાં એના સમાન નથી થઈ શકતી.''

હવે આપણે જો અહલે તવાતુરની ખબરને જોઈએ છીએ તો તે સ્પષ્ટપણે કાયમી, જૂની ન છૂટે એવી આદતના કારણે કત્ઈ, યકીની, સિધ્ધ થયેલ, વિરૂધ્ધાર્થનો અવકાશ ન રાખનાર ઈલ્મનો ફાયદો આપે છે. જેમાં બુધ્ધિ કોઈ રીતે એના વિરૂધ્ધ હોવુ જાઈઝ નથી રાખતી. નફસે ઝાતે ખબર અને ખબર આપનારના આધારે ઝાતી ઈમ્કાન બાકી છે કે તેમનુ જૂઠ પર એકમત થવું અલ્લાહની કુદરતથી બહાર નથી.

એને ધ્યાનમાં રાખીને રબ તઆલાના કલામની તરફ ચાલો : (અલ્લાહ તઆલાના માટે) જૂઠની શકયતા માન્યા બાદ ............ અતિશય કક્ષાએ એ રીતે કે રબનુ કલામ તથા ખબરે અહલે તવાતુર કાંટાની તોલ મુજબ સમકક્ષ થશે, જેવી જૂઠની સંભાવના. એટલે યકીનને ખત્મ કરનાર, આ કલામે પાકમાં નથી. એનાથી ખબરે તવાતુરનો દામન પણ પાક છે. અને ઈમ્કાને ઝાતીને જોતાં જો બૌધ્ધિક સંભાવના ખબરે તવાતુરમાં ઉદ્ભવતી હોય તે એ જ પ્રમાણે કલામે ઈલાહીમાં પણ બાકી છે.

તો પછી કલામે ઈલાહીનું સર્વ કલામોથી અસ્દક (અધિક સાચુ) હોવું કોઈની વાતનું એની સાથે સચ્ચાઈની રીતે (સિદક્ન્) પણ બરાબરી ન કરી શકવું કે જે આયતે કરીમાનો ફાયદો હતો તે મઆઝલ્લાહ ! ક્યારે દુરુસ્ત આવ્યો ?

અહલે સુન્નતના અકીદાની વિરૂધ્ધ એટલે ''અલ્લાહનું જુઠ બોલવું બૌધ્ધિક રીતે શક્ય ન હોવું'' કે આ તક્રીર પર અલ્લાહ

પાકના કલામ (વાત)માં કોઈ રીતે જૂઠની સંભાવના શક્ય નથી, ખબરે તવાતુરથી વિરૂધ્ધ કે તે શક્યતાની સંભાવના ધરાવે છે અને આ વાત તેના જ કલામે પાકથી ખાસ અશક્ય છે કે કોઈ શખ્સ એવી સ્થિતિ કાઢી શકે કે કોઈ ગૈર ખુદા પર જૂઠ બૌધ્ધિક રીતે અશક્ય થઈ જાય. *(ફતાવા રઝવિય્યહ, ૬/૨૨૭ થી ૨૨૯)*

## ★ બીજી સાબિતી : રબનું કલામ સત્યના અત્યંત દરજા પર છે ★

(૩) ઈર્શાદે ઈલાહી છે :–

وَ تَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّ عَدْلًا ؕ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ
وَ هُوَ السَّمِیْعُ الْعَلِیْمُ ﴿۱۱۵﴾

"અને સંપૂર્ણ છે તારા રબનુ કલામ સત્ય તથા ન્યાયમાં. કોઈ બદલનાર નથી તેની વાતોનો, અને તે જ છે સાંભળનાર જાણનાર." *(સૂ. અન્આમ, ૬/૧૧૫)*

કલામ (વાત)ની સચ્ચાઈના સાત દરજા છે અને દરેક સત્યનો આઈનો અને સચ્ચાઈની તસ્વીર હોય છે. પણ છ દરજાઓ સુધી જૂઠનો કોઈ ખૂણો અથવા તો પછી જૂઠની શક્યતાની કોઈ કલ્પના જોવા મળે છે. અને સાતમા દરજામાં કોઈ પ્રકારની કોઈ શક્યતા નથી રહી જતી. એટલા માટે કેવળ આ જ એક દરજો છે જ્યાં વાત સત્ય કમાલની કક્ષાએ હોય છે, અને આ "સિદ્કે તમામ"નો દરજો છે.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻનું કલામ (વાત) સચ્ચાઈના એ જ કમાલના દરજા તથા સિદ્કે તમામ પર બિરાજે છે જેના ઉપર

કોઈ અન્ય દરજો નથી. એટલા માટે એના કલામ (વાત)માં જૂઠ મુહાલ (અશક્ય) બિઝ્ઝાત છે. જો એવું ન હોય તો તે કલામે પાક "સિદ્કે તમામ" ન થશે જેની સાક્ષી ઉપરોક્ત વર્ણવેલ આયત છે.

હવે સિદ્કે કલામ (સાચી વાત)ના આ દરજાઓ અને મજકૂર આયતથી સાબિત કરવાનું કારણ ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના શબ્દોમાં સાંભળો ! આપ લખે છે : "રબ તઆલાનું કલામ (વાત) સત્ય તથા ન્યાયના અત્યંત દરજા પર છે જેનું દષ્ટાંત આ બાબતોમાં (સત્ય તથા ન્યાયમાં) અકલ્પ્ય છે."

બયઝાવીમાં છે : "અલ્લાહ તઆલાની ખબરો તથા હુકમો અને વાયદાઓ સચ્ચાઈની અંતિમ હદે છે અને તેના ફેંસલા તથા ફર્માનો અદ્લો ઈન્સાફની અંતિમ હદે પહોંચેલ છે." *(અન્વારુત્તન્ઝીલ વ અસ્રારુત્તાવીલ અલ્મઅરૂફ તફસીરે બયઝાવી, ૨/૧૭૯, સૂરએ અન્આમ, ૬/૧૧૫, બૈરૂત)*

## ★ સત્ય કહેનારના સાત દરજાઓ છે ★

**પ્રથમ દરજો** : રિવાયતો તથા સાક્ષીઓ આપવામાં કૃતઅન જૂઠથી બચે અને સંબોધનો કરવામાં પણ કદાપિ એવું જૂઠ માન્ય ન રાખે જેમાં કોઈનું નુકસાન થાય, ભલે એટલા પ્રમાણમાં કે ગલત વાતનું યકીન કરાવવા પણ મજાઝન્ અથવા નિરર્થક એવા જૂઠનો ઉપયોગ કરે જે ન કોઈને નુકસાન દે અને ન સાંભળનાર યકીન લાવી શકે. દા.ત. "આજે ઝયદે મણબંધી ખાવા ખાધુ. આજે મસ્જિદમાં લાખો માણસો હતા." આવો વ્યક્તિ જૂઠો ગણવામાં નહીં આવે અથવા ગુનેહગાર કે રિવાયત કરવાથી

મરદૂદ ન થશે, તેમ છતાં કે વાત હક઼ીક઼તથી વિરૂધ્ધ છે અને તદ્દન ફુઝૂલ અને ફાયદા વિનાની છે. ભલે કલામની અંદર હક઼ીક઼તનું વર્ણન મુરાદ ન હોવા પર દલીલ ક઼તઈ છે. હદીષમાં ઈર્શાદ ફર્માવ્યો : ''હું તમારી સાથે હસી મજાક કરું છું તો પણ સાચુ જ બોલું છું'' (મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૨/૨૦) અહમદ તથા તિર્મિઝીએ હસન અસ્નાદ સાથે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી અને તેમણે નબી કરીમ ﷺથી આ હદીષ તખરીજ કરી (કાઢી).

**બીજો દરજો** : આ નિરર્થક તથા બેકારનાં જૂઠોથી પણ બચે, પણ ગદ્ય કે પદ્યમાં શાઈરાના ખયાલો જાહેર કરતો હોય જેવી રીતે કે ક઼સીદા (પ્રશંસાના કાવ્ય)માં સરખામણીઓ : સુઆદ મારાથી જુદા થઈ ગઈ જેથી મારું દિલ આજે રંજમય છે. *(અલ મદીહુન્નબવી, પેજ–૧૪૮, ક઼સીદા બાબત સુઆદ, મજલિસે બરકાત)*

સૌ જાણે છે કે ત્યાં ન કોઈ સ્ત્રી સુઆદ નામની હતી ન હઝરત કઅબ તેના પર આશિક હતા, ન તે તેમનાથી જુદા થઈ, ન એ એના વિરહમાં ઘાયલ હતા. કેવળ શાઈરાના ખયાલ છે, પણ ફુઝૂલ બહષ નથી, કેમ કે એ દિલને જીવંત કરવા, સાંભળ નારને પ્રોત્સાહિત કરવા, દિલને નરમ કરવા, વાતને શણગારવાનો ફાયદો ધરાવે છે. તેમ છતાં એટલા માટે કે આ જેનું વર્ણન કરવામાં આવે તેના વગરની હિકાયત (વાત) છે. ફર્માવવામાં આવ્યું : وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ وَمَا یَنْۢبَغِیْ لَهٗ ''ન અમે તેને (એટલે પોતાના રસૂલને) શેઅર શીખવાડયા, ન તે એની શાનને લાયક.'' *(સૂ. યાસીન, ૩૬/૬૯)*

**ત્રીજો દરજો** : એનાથી પણ બચે પણ વઅઝો તથા દષ્ટાંતોમાં આ બાબતોનો ઉપયોગ કરતો હોય જેમના માટે હક઼ીકતમાં બનાવ ન હોય. જેમ કે ''કલીલા દિમ્નહ''ની હિકાયતો (વાર્તાઓ), ''મન્તિકુત્તૈર''ની રિવાયતો......સૌ જાણે છે કે વઅઝ તથા નસીહતના માટે એ દષ્ટાંતરૂપ વાતો વર્ણન કરવામાં આવેલી છે જેના થકી દીની ફ઼ાયદાનો હેતુ છે, છતાં પણ તેનો મિસ્દાક઼ મઅદૂમ છે. એટલા માટે કુર્આને કરીમને પહેલાના બેઅસ્લ કિસ્સા કહેવા કુફ્ર થયું★.

**ચોથો દરજો** : દરેક પ્રકારની બનાવટી વાર્તાને ઈરાદાપૂર્વક

---

★ *(કેમ કે એ કુર્આને કરીમની નસ્સે ક઼તઈ (કુર્આની દલીલ)ને જૂઠલાવવું તથા ઈન્કાર છે. ઈર્શાદે બારી છે :* اِذَا تُتْلٰى عَلَيْهِ اٰيٰتُنَا قَالَ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ﴿١٣﴾ *''જયારે એના પર (દરેક નાફ઼ર્માન પર) અમારી આયતો પઢવામાં આવે તો કહે કે આ આગલાઓની કહાનીઓ છે.'' (સૂ. ક઼લમ, ૬૮/૧૫) તેમજ ઈર્શાદે રબ્બાની છે :*

وَ قَالُوْٓا اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ اكْتَتَبَهَا فَهِيَ تُمْلٰى عَلَيْهِ بُكْرَةً وَّ اَصِيْلًا﴿٥﴾ قُلْ اَنْزَلَهُ الَّذِيْ يَعْلَمُ السِّرَّ فِي السَّمٰوٰتِ وَ الْاَرْضِ

*''મુશ્રિકો (કુર્આને કરીમના બારામાં) બોલ્યા, આ આગલાઓની કહાનીઓ છે જે તેમણે લખી લીધી છે, તે એમના પર સવાર સાંજ પઢવામાં આવી રહી છે. આપ ફ઼ર્માવી દો કે આને તો એણે ઉતાર્યું છે જે આસ્માનો તથા જમીનની દરેક વાત જાણે છે.'' (એટલે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ)*

*(સૂ. ફ઼ુર્ક઼ાન, ૨૫/૫)*

વર્ણન કરવાથી સંપૂર્ણપણે બચે, ભલે ભૂલથી કે ખતાથી હકીકતની વિરૂધ્ધ હિકાયતનો ઉલ્લેખ થઈ જાય. આ દરજો ખુલ્લસે અવલિયા અલ્લાહનો છે.

**પાંચમો દરજો** : અલ્લાહ عزوجل ભૂલથી ખતાથી પણ જૂઠ બહાર પડવાથી મેહફૂઝ રાખે પણ ઈમ્કાને વુકૂઈ (બહાર પડવાની શક્યતા) બાકી હોય, આ મર્તબો અઆઝિમે સિદ્દીકીન (મહાન સાચાઓ)નો છે.

''બેશક ! અલ્લાહને એ નાપસંદ છે કે અબૂબક્ર સિદ્દીકથી જમીનમાં કોઈ ખતા થઈ જાય. તિબ્રાનીએ 'મોઅજમે કબીર'માં, અને હારિષે પોતાની 'મુસ્નદ'માં, અને ઈબ્ને શાહીને 'અસ્સુન્નહ'માં હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી, અને તેમણે નબી કરીમ صلی اللہ علیہ وسلمથી આ હદીષ રિવાયત કરી. *(અલ મોઅજમુલ કબીર લિલ્ઈમામિત્તબરાની, ૨૦/૬૭,૬૮, બગયતુલ બાહિષ અને મવાઈદિ મુસ્નદિલ હારિષ, ૨/૮૮૬, અસ્સુન્નહ લિલ ઈમામ ઈબ્ને શાહીન અન મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ, મુસ્નદુશ્શાયિયીન, ૩/૨૭૫, હદીષ–૨૨૪૭)*

**છઠ્ઠો દરજો** : معصوم مِنَ اللّٰہ ومُؤَیَّد بِالمعجِزات હોય કે જૂઠ બહાર પડવાની શક્યતા પણ ન રહે પણ નફસે ઝાતને જોતાં ઝાતી ઈમ્કાન હોય. આ રુત્બો અંબિયા તથા રસૂલો علیہم السلامનો છે.

**સાતમો દરજો** : જૂઠની ઝાતી શક્યતા પણ ન હોય, બલ્કે તેની મહાન અઝમત તથા જલાલતે અઝીમા બિઝ્ઝાત જૂઠ તથા ગલતની વિરૂધ્ધ હોય, અને તેની ઈજ્જતના મેદાનની આસપાસ તે અયબની ધૂળનું ફરકવું અકલી રીતે અશક્ય હોય. આ ''અત્યંત

કક્ષાના સિદ્કૃ (સત્ય)ના દરજાઓ'' છે જેનાથી ઉપરનું શક્ય નથી.

હવે આયતે કરીમા ઈર્શાદ ફર્માવી રહી છે કે તારા રબનો સિદ્કૃ તથા અદ્લ (સચ્ચાઈ તથા ન્યાય) આ'લા દરજાની હદ પર છે, જેથી વાજિબ થયું કે જેવી રીતે એનાથી જુલ્મનુ જાહેર થવું તથા ન્યાય વિરૂધ્ધનું જાહેર થવું અહલે સુન્નતના ઈજમાઅથી મુહાલે અકૃલી (બૌધ્ધિક રીતે અશક્ય) છે, એ જ પ્રમાણે જૂઠનું બહાર પડવું તેના સત્યની વિરૂધ્ધ પણ અકૃલી રીતે અવરોધક હોય, નહીં તો અલ્લાહનું સત્ય અત્યંત કક્ષાએ ન પહોંચ્યું હશે કે તેનાથી ઉપર એક દરજો અન્ય પણ પેદા થશે. આ પોતે પણ મુહાલ (અશક્ય) અને કુર્આને કરીમની વિરૂધ્ધ છે. (ઘણે અંશે આસાન કરીને તથા ધ્યાનપૂર્વક)

*(ફતાવા રઝવિય્યહ, ૬/૨૨૯)*

## ત્રીજી સાબિતી : અલ્લાહની તસ્બીહ (પાકી)ના વિશે આયતો તથા હદીષો

**(૪) દરેક ચીજ અલ્લાહની પાકી બોલે છે, તસ્બીહ પઢે તથા પાકી વર્ણવે છે** : રબ તઆલાનો ઈર્શાદ છે :–

تُسَبِّحُ لَهُ السَّمٰوٰتُ السَّبۡعُ وَ الۡاَرۡضُ وَ مَنۡ فِيۡهِنَّ ؕ وَ اِنۡ مِّنۡ
شَیۡءٍ اِلَّا یُسَبِّحُ بِحَمۡدِهٖ وَ لٰکِنۡ لَّا تَفۡقَهُوۡنَ تَسۡبِیۡحَهُمۡ ؕ اِنَّهٗ
کَانَ حَلِیۡمًا غَفُوۡرًا ﴿۴۴﴾

''અલ્લાહ તઆલાની પાકી વર્ણવે છે સાતેવ આસ્માનો તથા જમીન અને તે સર્વ જે એમનામાં છે, અને કોઈ ચીજ નથી જે

તેની હમ્દની સાથે તેની પાકી ન બોલતી હોય, હા ! તમે તેમની તસ્બીહ નથી સમજતા.'' (સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૪૪) એનાથી સાબિત થયું કે **દરેક ચીજ અલ્લાહના પાક તથા બેઅચબ હોવાનો વઝીફો પઢે છે.**

**(૫) જમીન તથા આસ્માનોમાં રહેનારાઓ પણ ખુદાએ કુદ્દુસની પાકીનું એલાન કરે છે :**

ફર્માને ખુદાવંદી છે :

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يُسَبِّحُ لَهٗ مَنْ فِی السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ الطَّيْرُ صٰٓفّٰتٍ

''શું તમે જોયું કે અલ્લાહની તસ્બીહ કરે છે જે કોઈ આસ્માન તથા જમીનમાં છે અને પક્ષીઓ પાંખો ફેલાવીને.''

*(સૂ. નૂર, ૨૪/૪૧)*

**(૬) બુધ્ધિહિન મખ્લૂક પણ અલ્લાહની પાકી વર્ણન કરવામાં જીભને તર રાખે છે :** જેમ કે અલ્લાહ عَزَّوَجَلَّ ઈર્શાદ ફર્માવે છે :–

يُسَبِّحُ لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَ مَا فِی الْاَرْضِ الْمَلِكِ الْقُدُّوْسِ الْعَزِيْزِ الْحَكِيْمِ۝

''અલ્લાહની પાકી બોલે છે જે કાંઈ આસ્માનોમાં છે. બાદશાહ છે કામિલ પાકીવાળો, ઈજ્જતવાળો, હિકમતવાળો.''

*(સૂ. જુમ્આ, ૬૨/૧)*

**(૭) અર્શના ફરિશ્તા પણ તસ્બીહ કરે છે :** સૂ. ગ઼ાફિરમાં છે :–

اَلَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ وَ مَنْ حَوْلَهٗ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ

''તેઓ જે અર્શને ઉઠાવે છે અને જેઓ તેમની આસપાસ છે પોતાના રબની તારીફની સાથે તેની પાકી બોલે છે.''

*(સૂ. ગ઼ાફ઼િર, ૪૦/૭)*

**(૮) સવારી પર પણ અલ્લાહની પાકીનું એલાન કરવામાં આવે :** એના બારામાં કુર્આને આ ફર્માન બહાર પાડયું :–

اَلَّذِیْنَ یَحْمِلُوْنَ الْعَرْشَ وَ مَنْ حَوْلَهٗ یُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ
ثُمَّ تَذْكُرُوْا نِعْمَةَ رَبِّكُمْ اِذَا اسْتَوَیْتُمْ عَلَیْهِ وَ تَقُوْلُوْا سُبْحٰنَ
الَّذِیْ سَخَّرَ لَنَا هٰذَا وَ مَا كُنَّا لَهٗ مُقْرِنِیْنَ ﴿۱۳﴾ وَ اِنَّاۤ اِلٰى رَبِّنَا
لَمُنْقَلِبُوْنَ ﴿۱۴﴾

''તો પોતાના રબની નેઅમત યાદ કરો જ્યારે તેના પર બરાબર બેસી જાવ અને આ પ્રમાણે કહો, પાકી છે તેને જેણે આ સવારીને અમારા વશમાં કરી આપી અને એ અમારા કા઼બૂની ન હતી. અને બેશક ! અમે અમારા રબની તરફ પલટનારા છીએ.''

*(સૂ. ઝુખરુફ, ૪૩/૧૩,૧૪)*

**(૯) ખુદાએ ક઼દીર પોતાની કુદરતનું પ્રદર્શન કરતાં ખુદ પોતાની પાકીનું એલાન કરે છે :** ફર્માવે છે :

سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰى بِعَبْدِهٖ لَیْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَى
الْمَسْجِدِ الْاَقْصَا

''પાક છે તે જાત જે પોતાના બંદાને રાતના એક હિસ્સામાં મસ્જિદે હરામથી મસ્જિદે અક઼સા સુધી લઈ ગઈ.''

*(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૧)*

**(૧૦) અલ્લાહની હમ્દ તથા તસ્બીહ કરનારાઓના ઈમાનની સાક્ષી કુર્આન આપે છે :**

اِنَّمَا يُؤْمِنُ بِاٰيٰتِنَا الَّذِيْنَ اِذَا ذُكِّرُوْا بِهَا خَرُّوْا سُجَّدًا وَّ سَبَّحُوْا بِحَمْدِ رَبِّهِمْ

''અમારી આયતો પર તેઓ જ ઈમાન લઈ આવે છે કે જ્યારે તે તેમને યાદ આપવામાં આવે છે, સજદામાં પડી જાય છે અને પોતાના રબની તારીફ કરતાં કરતાં તેની પાકી બોલે છે.

*(સૂ. સજદા, ૩૨/૧૫)*

**(૧૧) તસ્બીહ અલ્લાહના માટે છે અને તૌક઼ીર (તાઝીમ) રસૂલુલ્લાહના માટે :-**

اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِيْرًا ۙ لِّتُؤْمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَ تُعَزِّرُوْهُ وَ تُوَقِّرُوْهُ ؕ وَ تُسَبِّحُوْهُ بُكْرَةً وَّ اَصِيْلًا

''(હે નબી) બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર તથા નાઝિર અને ખુશખબરી સંભળાવનારા અને ડરાવનાર કે જેથી હે લોકો ! તમે અલ્લાહ તથા તેના રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની તાઝીમ તથા તૌક઼ીર કરો અને સવાર સાંજ અલ્લાહની પાકી વર્ણવો.'' *(સૂ. ફતહ, ૪૮/૮,૯)*

આ આયતે કરીમા تُوَقِّرُوْهُ પર વક઼ફ કરીને وَتُسَبِّحُوْهُ ને એનાથી અલગ રાખવામાં આવેલ છે. જેનાથી એ સમજાય છે કે તસ્બીહને લાયક કેવળ ખુદાએ પાકની જાત છે અને એ બસ એની જ શાનને શોભે છે, એ જ કારણે રસૂલની જાતના માટે તાઝીમ તથા તૌક઼ીરનો હુકમ થયો, ન કે તસ્બીહનો.

કુર્આને મુકદ્દસમાં આ પ્રકારની ખૂબ જ અધિક પ્રમાણમાં આયતો છે જે અલ્લાહ તબારક વ તઆલાના પાક તથા બેઅયબ હોવા પર દલીલ પૂરી પાડે છે.

**તસ્બીહનો અર્થ** છે, જે ચીજ અલ્લાહની શાનને પાત્ર ન હોય તેના થકી અલ્લાહની પાકી વર્ણન કરવી, દરેક અયબ તથા ખામીથી અલ્લાહની પાકી વર્ણન કરવી. અને **સુબ્હાનનો અર્થ** છે, સર્વ અયબો તથા ખામીઓથી અલ્લાહ તઆલાની પાકી વર્ણન કરવી.

જૂઠ, જુલ્મ, અજ્ઞાનતા, હુદૂષ (પાછળની અસ્તિત્વ પામવું), ઊંઘ, મૃત્યુ વગેરે જેટલી સલબી સિફતો છે, આ કલમા તે સૌથી અલ્લાહ તઆલા પાક તથા અલિપ્ત હોવાની સાબિતી પૂરી પાડે છે. **અલ્લાહની શાનને લાયક ન અયબ તથા ખામીઓ છે ન અયબ તથા ખામીની શક્યતા છે.** જેથી આ શબ્દો રબ તઆલા અયબથી પાક હોવાની દલીલ છે, જાહેર છે કે **એની તસ્બીહ તથા તન્ઝિયહ (બુરી વાતોથી પાક હોવું) કામિલ એ જ છે કે તે અયબ તથા અયબની શક્યતા દરેકથી પાક તથા અલિપ્ત હોય.** એ જ કારણે તસ્બીહ કેવળ અલ્લાહ તઆલાની જ કરવામાં આવે છે, એના સિવાય કોઈ અન્યની નહીં.

**તસ્બીહનો એક અર્થ ઈબાદત કરવું,** નમાઝ પઢવી પણ થાય છે, અને નફ્લ નમાઝને પણ કહેવામાં આવે છે, પણ હકીકતમાં આમાં અને પહેલાવાળા અર્થમાં વિરોધાભાસ નથી, કેમ કે **જે જાત દરેક જાતની ખામી તથા અયબથી તથા**

**અયબ તથા ખામીની શક્યતાથી પાક તથા અલિપ્ત હશે તે જ જાત એ લાયક છે કે તેની ઈબાદત કરવામાં આવે, તેની નમાઝ પઢવામાં આવે, અને તે જાત કેવળ અને કેવળ અલ્લાહ સુબ્હ઼ાનહૂ વ તઆ઼લાની જામેએ કમાલાત (કમાલોથી સમૃધ્ધ) છે.** એ પણ એક કારણ છે કે તસ્બીહ કેવળ અલ્લાહની કરવામાં આવે છે, અલ્લાહ સિવાય કોઈ અન્યની નહીં.

અરબી ડિક્ષનરીની મુસ્તનદ કિતાબ "લિસાનુલ અરબ"માં છે :(અરબીનો અનુવાદ) : تسبیح (તસ્બીહ)નો અર્થ તન્ઝિયહ (બુરી વાતોથી પાક હોવું) છે અને سبحان الله (સુબ્હ઼ાનલ્લાહ)નો અર્થ છે : અલ્લાહ બીવી બચ્ચાંથી પાક છે, અને કહેવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલા દરેક એવી ચીજથી પાક છે જેનાથી મૌસૂફ થવું એના માટે યોગ્ય નથી. ઝજાજે કહ્યું કે (સુબ્હાન)નો શાબ્દિક અર્થ છે : અલ્લાહ દરેક અયબ અને બુરી ચીજથી પાક છે. અને કહેવામાં આવ્યું કે سُبحانك (સુબ્હ઼ાનક)નો અર્થ છે : હે અલ્લાહ ! દરેક અયબ તથા બુરી વાતથી તને પાક તથા અલિપ્ત માનું છું. અને અલ્લાહ ﷻની સિફતો (ગુણો)થી સુબ્બૂહ કુદ્દુસ છે. ઈમામ અબૂ ઈસ્હાક઼ે ફર્માવ્યું કે સુબ્બૂહ઼ તે છે જે દરેક ખરાબ તથા બુરી ચીજથી પાક હોય. *(લિસાનુલ અરબ, ૩/૧૯૧૪,૧૯૧૫, બાબુસ્સીન, દારુલ મઆરિફ, કાહિરા)*

તસ્બીહ તથા સુબ્હાનના આ અર્થો દરેક ખરાબી તથા અયબથી અલ્લાહ તઆલાના પાક તથા પવિત્ર હોવા પર દલીલ પૂરી પાડે છે અને **બુરી ચીજોથી પાક હોવું (તન્ઝિયહ)**

**કામિલ એ જ છે કે તે અયબ તથા અયબની શક્યતા બંનેવથી પાક હોય.**

"અઝહરીએ પોતાની અસ્નાદથી રિવાયત કરી કે ઈબ્નુલ કવ્વાએ હઝરત અલી رضی اللہ عنہથી (સુબ્હાનલ્લાહ)ના બારામાં પૂછયું, તો તેમણે ફર્માવ્યું કે આ એક એવો કલમો છે જેને અલ્લાહે પોતાના માટે પસંદ કર્યો અને તેના વિર્દની તાકીદ કરી.

*(લિસાનુલ અરબ, ૩/૧૯૧૪)*

એ જ કારણે તસ્બીહ કેવળ અલ્લાહની જ પઢવામાં આવે છે, અને સુબ્હાનનો ઈત્લાક઼ અલ્લાહની જાત પર થાય છે. અને આ અમલ અલ્લાહ ﷻને એટલા પ્રમાણમાં મહબૂબ તથા પસંદીદા છે કે તેણે ઈન્સાન, જિન, ફરિશ્તા અને વનસ્પતિ તથા પથ્થર દરેક ચીજના માટે લાગુ કરી આપ્યું, ત્યાં સુધી કે પોતે પણ પોતાની પાકીનું વર્ણન કરે છે.

## ચોથી સાબિતી : અલ્લાહ જેવી કોઈ ચીજ ન હોવાનું એલાન

**(૧૨)** અલ્લાહ તઆલા પોતાની સલબી સિફતોમાંથી એક સિફત (ખૂબી) આ પણ વર્ણવે છે : لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ ۚ وَهُوَ السَّمِيْعُ الْبَصِيْرُ "એના જેવી કોઈ ચીજ નથી અને તે સાંભળતો જોતો છે." *(સૂ. શૂરા, ૪૨/૧૧)*

ચીજો બે પ્રકારની છે : ★ કેટલીક તે જે જૂઠ તથા અન્ય અયબો તથા ખરાબીઓથી ખરડાયેલ હોય છે. ★ અને કેટલીક તે જે જૂઠ વગેરે અયબો તથા બુરાઈઓથી ખરડાયેલ તો નથી હોતી પણ અક્લી રીતે શક્યતા જોવા મળે છે.

અને **અલ્લાહ તઆલા દરેક ચીજથી ઉચ્ચતમ છે,** એના જેવી કોઈ ચીજ નથી. તો જાણવા મળ્યું કે **તે જૂઠ વગેરે અયબોથી ન ખરડાયેલ હોય છે અને ન તો તેને ત્યાં એની શક્યતા જોવા મળે છે.**

## રબનું બુરી વાતોથી પાક હોવા વિશેની સાબિતી નબવી હદીષોથી

હવે અમે સૈયદુલ અંબિયા, અફઝલુર્રુસુલ જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની મુબારક હદીષો રજૂ કરીએ છીએ જેનાથી સારી રીતે જાહેર થઈ જશે કે અલ્લાહ ﷻનું કલામ સૌથી સારુ અને સૌથી સાચુ છે અને એને એ લાઝિમ છે કે એમાં જૂઠની કોઈ શક્યતા ન જોવા મળે.

**(૧)** (અનુવાદ) : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે ખુત્બો આપતા તો આપની આંખો લાલ થઈ જતી, અવાજ પણ ઉંચો થઈ જતો... અને ફર્માવતા, અમ્મા બઅ્દ ! બેશક ! સૌથી બેહતર કલામ કિતાબુલ્લાહ છે અને સૌથી બેહતરીન હિદાયત/સીરત મુહમ્મદ ﷺની હિદાયત/સીરત છે. અને સૌથી બુરાં કામો બિદઅતો (દીનમાં કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ નવી વાતો કાઢવી) છે અને દરેક બિદઅત ગુમરાહી છે.

પછી ફર્માવતા : ★ મને દરેક મો'મિન પર તેની પોતાની જાતના કરતાં અધિક વિલાયત (અખત્યાર) છે. જે માલ છોડે તે એના વારસદારોનો છે. ★ અને જે કરજ અથવા મોહતાજ

બાળકો છોડે તો કરજ તથા બાળકોની કફાલત મારા જિમ્મે છે.

*(અલ સહીહુલ મુસ્લિમ, ૧/૨૮૪, કિતાબુલ જુમ્અહ)*

**(૨)** (અનુવાદ) : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાના ખુત્બામાં અલ્લાહ તઆલાની શાનને છાજે તેવી તેની હમ્દ તથા ષના કરતા : જેને અલ્લાહ હિદાયત આપે તેને કોઈ ગુમરાહ કરનાર નથી, અને જેને તે ગુમરાહ કરી દે તેને કોઈ હિદાયત આપનાર નથી. બેશક ! સૌથી સાચુ કલામ કિતાબુલ્લાહ છે અને સૌથી સારી હિદાયત/સીરત મુહમ્મદ صلی اللہ علیہ وسلمની હિદાયત/સીરત છે. અને સૌથી બુરાં કામો દીનમાં કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ નવી નવી વાતો કાઢવું તથા બિદઅતો છે. દીન કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ દરેક નવી શોધ (નવી વાત કાઢવી) બિદઅત છે અને દરેક બિદઅત ગુમરાહી છે અને દરેક ગુમરાહી જહન્નમમાં છે.

*(સુનને નિસાઈ, કિતાબ સલાતુલ ઈદૈન, પેજ–૧૮૬, હદીષ : ૧૫૭૮ તથા સુનને ઈબ્ને માજહ, પેજ–૨૨૦)*

**(૩)** (અનુવાદ) : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાની નમાઝમાં તશહહૂદ પછી ફર્માવ્યા કરતા કે સૌથી સારુ કલામ અલ્લાહનું કલામ છે, અને સૌથી સારી સીરત મુહમ્મદ صلی اللہ علیہ وسلمની સીરત છે.

*(સુનને નિસાઈ, પેજ–૧૫૪)*

**(૪)** (અનુવાદ) : મુખારિકનું બયાન છે કે મેં તારિક઼થી એ ફર્માવતાં સાંભળ્યું કે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે સૌથી સારી વાત કિતાબુલ્લાહ (અલ્લાહનું કલામ) છે

અને સૌથી સારી હિદાયત મુહમ્મદ ﷺની હિદાયત છે.

*(સહીહ બુખારી, ૨/૯૦૧, કિતાબુલ અદબ)*

અને જાહેર છે કે જૂઠ બુરી વાત છે, તે "સારી" અને "સૌથી સારી વાત" નથી થઈ શકતું.

**(૫)** (અનુવાદ) : અમ્ર બિન મુર્રહએ બતાવ્યું કે મેં મુર્રા હમ્દાનીથી એવું કહેતાં સાંભળ્યું કે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે સૌથી સારું કલામ કિતાબુલ્લાહ છે અને સૌથી સારી હિદાયત મુહમ્મદ ﷺની હિદાયત છે. અને સૌથી બુરાં કામો બિદઅતો (દીનમાં કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ નવી વાતોને કાઢવું) છે. *(સહીહ બુખારી, ૨/૧૦૮૦, ૧૦૮૧, કિતાબુલ એઅતેસામ)*

**(૬)** (અનુવાદ) : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આ બે ચીજો છે, કલામ તથા હિદાયત તો સૌથી સારુ કલામ અલ્લાહનું કલામ છે અને સૌથી સારી હિદાયત મુહમ્મદ ﷺની હિદાયત છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૨૩)*

**સનદરૂપી તક્રીર** : આ હદીષોમાં રસૂલુલ્લાહ ﷺએ અલ્લાહ તબારક વ તઆલાના પાક કલામને : ★ خیرُ الحدیث ખયરુલ હદીષ ★ أَحسَنُ الحدیث અહસનલ હદીષ ★ أحسنُ الکلام અહસનુલ કલામ ★ અને أَصدَقُ الحدیث અસ્દકુલ હદીષ દર્શાવેલ છે. એટલે : ★ સૌથી બેહતર વાત ★ સૌથી સારી વાત ★ સૌથી સારુ કલામ ★ સૌથી સારી વાત.

યક઼ીનન ! જે કલામ સૌથી બેહતર અને સૌથી સારુ હશે તે

જરૂર સૌથી સાચુ પણ હશે. અને જે કલામ સૌથી અધિક સાચુ હશે તે જરૂર સૌથી બેહતર અને સૌથી સારુ હશે. આ અવસાફ (ખૂબીઓ) અલ્લાહના કલામના હક્ક઼માં એકબીજાના માટે લાઝિમ તથા મલ્ઝૂમ (એકબીજાના પર્યાય) છે. તેની સાક્ષી કલામુલ્લાહ પણ આપે છે કે અલ્લાહનો ક઼ૌલ સૌથી અધિક સાચો છે.

وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا ﴿١٢٢﴾ (અલ્લાહથી અધિક કોની વાત સાચી ? *(સૂ. નિસાઅ, ૪/૧૨૨)* وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا ﴿٨٧﴾ (અને અલ્લાહથી વધારે કોની વાત સાચી ? *(સૂ. નિસાઅ, ૪/૮૭)*

આ આયતોની દલીલ હેઠળ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે ખબરે વાહિદ, ખબરે મશહૂર તથા ખબરે મુતવાતિરમાં સૌથી અધિક સાચી, પાકી, ક઼તઈ, યક઼ીની વાત ખબરે મુતવાતિર છે. તેમ છતાં અહીં પણ જૂઠની ઝાતી શક્યતા મૌજૂદ છે, **અને અલ્લાહ તઆલાની ઝાત સૌથી અધિક બેહતર અને સારી અને સાચી છે. તો એ ત્યારે જ થઈ શકે છે જ્યારે તેની વાતમાં જૂઠની ઝાતી શક્યતા પણ ન રહે.** નહીં તો તેનો ક઼ૌલ અને ખબરે અહલે તવાતુર એક દરજાનાં થશે, જ્યારે કે તે એક દરજાનાં નથી કે અલ્લાહ તઆલાનો ક઼ૌલ એનાથી પણ વધુ સાચો અને સારો તથા બેહતર છે.

અહીં એ મુદ્દાની તરફ પણ ધ્યાન કરવું જોઈએ કે આ હદીષોમાં કલામે ઈલાહીને સૌથી સારુ, સાચુ અને બેહતર બતાવ્યા બાદ તરત જ એ સ્પષ્ટતા પણ કરી દેવામાં આવી છે કે સૌથી બુરાં કામો, નવા નીકળેલાં કામો તથા બિદઅતો છે એટલે દીનમાં કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ નવી નવી વાતોને કાઢવું.

છેવટે આ પ્રસંગે એનો ઉલ્લેખ શા માટે કરવામાં આવ્યો અને રબના કલામની સચ્ચાઈ સાથે એનો શો સંબંધ છે ?

હું સમજુ છું કે રબના કલામની સચ્ચાઈ સામે એનો વિરૂધ્ધ દિશામાં ગાઢ સંબંધ છે. તે એ કે ઈસ્લામ ધર્મના દીને હક્ક઼, દીને હિદાયત, દીને સાદિક઼, દીને સમાવી (આસ્માની) હોવાના માટે રબના કલામનું દરેક કલામથી બેહતર, દરેક કલામથી સારુ અને સાચુ હોવું જરૂરી છે જેનાથી "ઈમ્કાને કિઝ્બે ઝાતી" (ઝાતી તૌર પર રબના જૂઠ બોલવાની શક્યતાનો નકાર) લાઝમી રીતે દરેક અક્કલ તથા સમજવાળો સમજે છે, અને એના પર સમજબુઝવાળા બુધ્ધિશાળીઓનો ઈજમાઅ પણ છે. અને એ જ આ કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહનો ફાયદો પણ છે.

પરંતું **એ સૌથી વિરૂધ્ધ જઈને "ખુદાનુ જૂઠુ બોલવું શક્ય"નો અક઼ીદો જાહેર કરવો અને એવું કહેવું કે "અલ્લાહ તઆલા જૂઠુ બોલી શકે છે" યક઼ીનન ! شرُّ الأمور સૌથી બુરી વાત અને બદ્તરીન કામ છે. ઈસ્લામમાં એક એવા અક઼ીદાને પ્રદર્શિત કરવું છે જે અલ્લાહની કિતાબમાં છે ન સુન્નતે રસૂલુલ્લાહમાં, ન ઈજમાઅમાં અને સલફ (પૂર્વજ બુઝુર્ગો) તથા ખલફ (પાછલા બુઝુર્ગો) સૌ એનાથી અજાણ છે આ છે તે બિદઅત જે ગુમરાહી છે અને كلّ بدعة ضلالةٌ દરેક બિદઅત ગુમરાહી છે.**

એવું મેહસૂસ થાય છે કે દાનાએ ગોયૂબ, નબીયે મુર્તઝા, હાદીયે ઉમ્મત ﷺને વહીયે ઈલાહીથી એ ખબર હતી કે

તૌહીદનો કલમો પઢનારો એક ફિર્કો આ ઉમ્મતમાં જાહેર થશે જે કલામે ઈલાહીના અહસન اَحْسَن (સૌથી સારા) તથા اَصْدَق અસ્દક (સૌથી સાચા) હોવાને ચેલેંજ કરશે. એટલા માટે આપે પહેલાંથી જ એક જામેઅ (સમૃધ્ધ) કલામ થકી એ બિદઅતની ખબર આપી દીધી કે خیرُ الحدیث (સારી વાત) અલ્લાહનુ કલામ છે અને شرُّ الحدیث (બુરી વાત) એની વિરૂધ્ધ અક઼ીદાને પ્રદર્શિત કરવું છે. કાશ ! કે હદીષના દાવેદારો (કહેવાતા અહલે હદીષ) આ હદીષની કાંઈક ઈજ્જત કરતા.

**(૭)** (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, બે કલમા રહમાનને મહબૂબ છે, ઝબાન પર હલકા છે, મીઝાનમાં ભારે છે :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

**સુબ્હ઼ાનલ્લાહિ વબિહ઼મ્દિહિ સુબ્હ઼ાનલ્લાહિલ અ઼ઝ઼ીમ.**

*(સહીહ બુખારી, ૨/૧૧૨૮, ૧૧૨૯, કિતાબુત્તૌહીદ, સહીહ મુસ્લિમ, ૨/૩૪૪, કિતાબુઝ્ઝિક્ર વદુઆ)*

**(૮)** (અનુવાદ) : અબૂ હાઝિમ રિવાયત કરે છે કે સહલ બિન સઅદ رضی اللہ عنہએ વર્ણવ્યું કે...... રસૂલુલ્લાહ ﷺએ આગળ વધીને લોકોને નમાઝ પઢાવી અને નમાઝથી પરવારીને લોકોની તરફ ચહેરો કરીને ફર્માવ્યું. "હે લોકો ! શું વાત છે કે જ્યારે તમને નમાઝમાં કાંઈક બતાવવાની હાજત પેશ આવી તો તમે લોકો તાલી વગાડવા લાગ્યા ? તાલી તો કેવળ સ્ત્રીઓ માટે છે. જેને નમાઝમાં કાંઈક બતાવવાની જરૂરત ઉભી થાય તો سُبْحَانَ اللّٰهِ **સુબ્હાનલ્લાહ !** પઢી દીધા કરે. *(સહીહ બુખારી, ૧/૧૬૨, કિતાબુત્તૌહીદ)*

**(૯)** (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે ગરીબ સહાબીઓ નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી કે માલદાર સહાબાએ તો પોતાના માલના સબબથી બુલંદ દરજાઓ તથા હમેશગીની નેઅમત હાંસલ કરી લીધી. તેઓ અમારા જેમ નમાઝ પઢે છે રોઝા રાખે છે અને તેમને એ ફઝીલત હાંસલ છે કે તેઓ પોતાના માલોના કારણે હજ કરે છે, ઉમરા કરે છે, જેહાદ કરે છે અને સદકા કરે છે. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, શું તમને એવો વઝીફો ન બતાવી દઉં જેને પઢીને તમે લોકો અગ્રતા લઈ જનારા સહાબીઓના દરજા સુધી પહોંચી જાવ અને તમારા બાદ કોઈ તમારા દરજાને ન પામી શકે ?! અને તમે મૌજૂદા સહાબીઓથી અફઝલ થઈ જાવ, સિવાય એ કે તે પણ એ વઝીફો પઢવા લાગે. દરેક નમાઝ બાદ ૩૩ વખત سُبْحَانَ اللّٰہِ **સુબ્હ઼ાનલ્લાહ,** ૩૩ વખત الحمد للّٰہ **અલ્હ઼મ્દુલિલ્લાહ,** પછી ૩૩ વાર اللّٰہ اکبر **અલ્લાહુ અકબર,** *(સહીહ બુખારી, ૧/૧૧૬, કિતાબુલ અઝાન, સહીહ મુસ્લિમ, ૧/૨૧૭, કિતાબુલ મસાજિદ)*

**(૧૦)** (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, જે દિવસમાં સો વાર سُبْحَانَ اللّٰہِ وَبِحَمْدِہٖ **સુબ્હ઼ાનલ્લાહિ વબિહ઼મ્દિહી** પઢે તો તેના (સગીરા) ગુનાહો મિટાવી દેવામાં આવે, ભલે સમુદ્રના ફીણની બરાબર હોય. *(સહીહ બુખારી, ૨/૩૪૪, કિતાબુઝ્ઝિક્રિ વદુઆ)*

**(૧૧)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે સવાર સાંજ

سُبۡحَانَ اللّٰہِ وَبِحَمۡدِہٖ **સુબ્હ઼ાનલ્લાહિ બિહ઼મ્દિહી** સો સો વાર વાર પઢે તો કયામતના દિવસે કોઈ તેના કરતાં અફઝલ વઝીફો લઈને ન આવશે, પણ એ કે કોઈએ આ જ વઝીફો સો વાર પઢયો હોય (તો તે ફઝીલતમાં સરખો થશે) અથવા સૌથી વધુવાર પઢયું (તો તે અફઝલ થશે.) *(સહીહ મુસ્લિમ, ૨/૯૪૮, કિતાબુઝ્ઝિક્ર વદુઆ, મજલિસે બરકાત)*

આ બંનેવ હદીષોથી سُبۡحَانَ اللّٰہِ وَبِحَمۡدِہٖ **સુબ્હ઼ાનલ્લાહિ વબિહ઼મ્દિહી**ની જે ફઝીલત વર્ણન કરવામાં આવી. જાહેર એ છે કે સામાન્ય ઝિક્રોની પ્રતિ સંબંધિત કરતાં છે અથવા ખાસ સમયો તથા હાલતોના લેહાઝથી છે, નહીં તો કલામુલ્લાહની ફઝીલત તો સર્વ ઝિક્રો કરતાં વિશેષ છે.

**(૧૨)** (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે سُبۡحَانَ اللّٰہِ وَالۡحَمۡدُ لِلّٰہِ وَلَآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَاللّٰہُ اَکۡبَرُ **સુબ્હ઼ાનલ્લાહિ વલ્હ઼મ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર,** મારી નજીક દુનિયાના સર્વ ઝિક્રો કરતાં અધિક પસંદીદા છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૪૫, કિતાબુઝ્ઝિક્ર વ દુઆ)*

**(૧૩)**(અનુવાદ) : સહાબીયે રસૂલ હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہનું બયાન છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની નજીક સૌથી અધિક પસંદીદા કલામ ચાર છે: سُبۡحَانَ اللّٰہِ وَالۡحَمۡدُ لِلّٰہِ وَلَآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَاللّٰہُ اَکۡبَرُ **સુબ્હ઼ાનલ્લાહિ, વલ્હ઼મ્દુલિલ્લાહિ, વલાઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ, અકબર.**

*(સહીહ મુસ્લિમ, ૨/૨૦૭, કિતાબુલ આદાબ)*

કે શરૂમાં દરેક અયબ તથા ખામીથી અલ્લાહ તઆલાની પાકીનું અને બીજામાં અલ્લાહનુ તમામ કમાલની સિફતોથી સમૃધ્ધ હોવાનું, ત્રીજામાં એની તૌહીદનું અને ચોથામાં તેની કિબ્રિયાઈ (બડાઈ)નું એલાન છે.

**(૧૪)** (અનુવાદ) : અબ્દુલ્લાહ બિન સામિત رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અબૂઝર رضی اللہ عنہએ વર્ણવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, શું હું તમને બારગાહે ઈલાહીનું સૌથી મહબૂબ તથા પસંદીદા કલામ ન બતાવું ?! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બતાવો ! તો આપે ફર્માવ્યું કે અલ્લાહની બારગાહમાં સૌથી અધિક પસંદીદા કલામ سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ **સુબ્હ઼ાનલ્લાહિ વબિહ઼મ્દિહી** છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૫૧, કિતાબુઝ્ ઝિક્ર વદુઆ)*

**(૧૫)** (અનુવાદ) : અબ્દુલ્લાહ ઈબ્ને સામિત رضی اللہ عنہ હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે કયુ કલામ અફઝલ છે ? તો આપે ફર્માવ્યું કે જે કલામ અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તાઓ અથવા પોતાના બંદાઓ માટે ચૂંટી કાઢેલ છે : سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ **સુબ્હ઼ાનલ્લાહિ વબિહ઼મ્દિહી.**

*(સહીહ મુસ્લિમ, ૨/૩૫૧, કિતાબુઝ્ ઝિક્ર વદુઆ)*

મતલબ એ છે કે જે કલમાઓ વડે અલ્લાહ તઆલાની ખૂબીઓ વર્ણન કરવામાં આવે છે, જેમ કે الرحمٰن الرحیم **અર્રહ઼માનિર્રહીમ.** એમના આ કલમાઓ એટલા માટે અધિક પસંદીદા છે કે سُبْحَانَ اللّٰهِ **સુબ્હાનલ્લાહ** પઢીને બંદો એ એલાન

કરે છે કે ખુદાએ કુદુસ દરેક અયબ તથા ખામીથી પાક છે. અને وَبِحَمْدِهٖ **વબિહ્મ્દિહી** પઢીને એ એલાન કરે છે કે અલ્લાહ عَزَّوَجَلَّ કમાલની સર્વ સિફતોથી સમૃધ્ધ છે. ટૂંકા કલમાઓ થકી અલ્લાહ તઆલાની ખૂબ જ જામેઅ (સમૃધ્ધિવાળી) તારીફ છે એટલા માટે એને આ કલમા ખૂબ જ પ્રિય છે.

**(૧૬)** (અનુવાદ) : હઝરત મસ્રૂક઼થી રિવાયત છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ أَسْتَغْفِرُ اللّٰهَ وَأَتُوبُ إِلَيْهِ **સુબ્હ઼ાનલ્લાહિ વબિહ઼મ્દિહી અસ્તગ઼્ફિરુલ્લાહ વઅતુબુ ઈલૈહ** પઢયા કરતા હતા. *(સહીહ મુસ્લિમ, ૧/૧૯૨, કિતાબુસ્સલાત, મજલિસે બરકાત, મુબારકપુર)*

**(૧૭)** (અનુવાદ) : મુતર્રિફ બિન અબ્દુલ્લાહ ઈબ્ને શખ્ખીરથી રિવાયત છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا એ બતાવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાના રુકૂઅ તથા સિજદાઓમાં سُبُّوحٌ قُدُّوسٌ رَبُّ الْمَلَائِكَةِ وَالرُّوحِ **સુબ્બૂહુન કુદુસુન રબ્બુલ મલાઈકતિ વર્રૂહ઼** પઢયા કરતા હતા.

*(સહીહ મુસ્લિમ, ૧/૧૯૨, કિતાબુસ્સ઼લાત)*

**(૧૮)** (અનુવાદ) : હઝરત હુઝૈફા رضی اللہ عنہ ફર્માવે છે કે મેં નબી કરીમ صلی اللہ علیہ وسلمની ઈકતેદામાં (પાછળ) એક રાતે નમાઝ પઢી. હુઝૂર રુકૂઅમાં سُبْحَانَ رَبِّيَ الْعَظِيمِ **સુબ્હ઼ાન રબ્બિયલ્ અ઼ઝ઼ીમ** અને સજદામાં سُبْحَانَ رَبِّيَ الْأَعْلٰى **સુબ્હ઼ાન રબ્બિયલ્ અઅ્લા** પઢતા હતા. *(સહીહ મુસ્લિમ, ૧/૨૬૪, કિતાબુસ્સ઼લાત અલ મુસાફિરીન વ ક઼સ્રિહા, જામેઅ તિર્મિઝી, ૧/૩૬, અબ્વાબુસ્સ઼લાત, મજલિસે બરકાત, મુબારકપુર)*

**(૧૯)** (અનુવાદ) : હઝરત ઈબ્ને અબ્બાસ, જુવૈરિયા બિન્તે હારિષથી રિવાયત કરે છે કે નબી કરીમ ﷺ પોતાની પાસેથી પસાર થયા અને તે મસ્જિદમાં હતાં. પછી નબી કરીમ ﷺ તેમની પાસેથી નિસ્ફુન્નહાર (મધ્યાન્હ) નજીક પસાર થયા અને તે એ જ હાલતમાં હતાં. તો હુઝૂરે ફર્માવ્યું, શું તમને અમુક કલમાઓ ન શીખવાડું જેને તમે પઢતાં રહો ! (પછી આપે તેમને આ કલમાઓ શીખવાડયા) :

قَالَ أَبُو عِيسَى هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ ઈમામ અબૂ મૂસા તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે *(જામેઅ તિર્મિઝી, ૨/૧૯૪, ૧૯૫, અબ્વાબુદ્દાવાત, બાબુન મિન્હુ, મજલિસે બરકાત)*

**(૨૦)** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે ઉમ્મે સુલૈમ, નબી કરીમ ﷺની બારગાહમાં સવાર સવારમાં આવ્યાં અને અર્ઝ કરી કે, હુઝૂર ! મને અમુક કલમા શીખવાડી દો જેને હું મારી નમાઝમાં પઢયા કરું. તો સરકાર ﷺએ ફર્માવ્યું, દસવાર اللہ اکبر **અલ્લાહુ અકબર** કહો, દસવાર سُبْحَانَ اللّٰهِ **સુબ્હ઼ાનલ્લાહ** કહો, અને દસવાર الحمد للہ **અલ્હ઼મ્દુલિલ્લાહ** પઢો. પછી જે ચાહો અલ્લાહથી દુઆ કરો ! તે ફર્માવશે, હા ! મેં કૂબૂલ કરી, હા ! તમારી દુઆ મક઼બૂલ છે.

આ પ્રકરણમાં હઝરત ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર અને ફઝ્લ બિન અબ્બાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી પણ હદીષો રિવાયત પામેલી છે. ઈમામ અબૂ ઈસા તિર્મિઝી ફર્માવે છે કે હઝરત અનસની હદીષ હસન સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, ૧/૬૩, અબ્વાબુલ વિત્ર, મજલિસે બરકાત, મુબારકપુર)*

**(૨૧)** (અનુવાદ) : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺથી એક રાતે જ્યારે આપ નમાઝથી ફારિગ થયા તો આ પઢતાં સાંભળ્યું :

اَللّٰهُمَّ اجْعَلْ لِي نُورًا فِي قَلْبِي وَ نُورًا فِي قَبْرِي وَنُورًا مِنْ بَيْنِ يَدَيَّ وَ نُورًا مِنْ خَلْفِي، وَ نُورًا عَنْ يَمِينِي وَنُورًا عَنْ شِمَالِي وَنُورًا مِنْ فَوْقِي وَ نُورًا مِنْ تَحْتِي وَ نُورًا فِي سَمْعِي وَ نُورًا فِي بَصَرِي وَ نُورًا فِي شَعْرِي وَ نُورًا فِي بَشَرِي وَ نُورًا فِي لَحْمِي وَ نُورًا فِي دَمِي وَ نُورًا فِي عِظَامِي، اللّٰهُمَّ أَعْظِمْ لِي نُورًا وَأَعْطِنِي نُورًا وَ اجْعَلْ لِي نُورًا سُبْحَانَ الَّذِي تَعَطَّفَ العِزَّ وَ قَالَ بِهِ سُبْحَانَ الَّذِي لَبِسَ الْمَجْدَ وَتَكَرَّمَ بِهِ، سُبْحَانَ الَّذِي لاَ يَنْبَغِي التَّسْبِيحُ إِلاَّ لَهُ سُبْحَانَ ذِي الفَضْلِ وَالنِّعَمِ سُبْحَانَ ذِي الْمَجْدِ وَالكَرَمِ سُبْحَانَ ذِي الجَلَالِ وَالإِكْرَامِ

ઈમામ અબૂ ઈસા તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે. અમને આ હદીષ ઈબ્ને અબૂ લૈલાની આ સનદથી જ માલૂમ છે. *(જામેઅ તિર્મિઝી, ૨/૭૮, અબ્વાબુદ્દાવાત, મજલિસે બરકાત)*

**ફાયદાઓ –**

આ મુબારક હદીષોથી ઘણા ફાયદાઓ હાંસલ થાય છે. અમે અમુક વર્ણવીએ છીએ :–

**ફાયદો–૧** : આ મુબારક હદીષોથી જેવી રીતે તસ્બીહ તથા તક્દીસ (હમ્દ તથા પાકી બયાન કરવાના) ફઝાઈલ જાણવા મળે છે, તેવી જ રીતે એ પણ માલૂમ થાય છે કે ખુદાએ સુબ્બૂહ

તથા કુદ્દુસે કષરતથી (અબૂ જ અધિક પ્રમાણમાં) તેને પઢવાનો આ'લા ઈન્તેઝામ કર્યો છે. ફરિશ્તાઓ માટે આ વઝીફો પસંદ કર્યો કે જેથી તેઓ સતત પઢતા રહે. ★ અને માણસોને પોતાના મહબૂબ ﷺના થકી તેનું આકર્ષણ અપાવ્યું જેથી તેઓ પણ આ વઝીફામાં જીભોને તર રાખે. ★ નમાઝ જેવી ઈબાદતોમાં સૌથી અફઝલ ઈબાદતના મહત્વના અરકાન રુકૂઅ તથા સજદાઓમાં તેને પઢવું મુસ્તહબ ઠરાવ્યું કે જે નેક બંદો આમ સમયોમાં તેનો વિર્દ કોઈ કારણે ન કરી શકે તો તે નમાઝમાં જરૂરથી પઢી લે. ★ ત્યાં સુધી કે કાઈનાતે આલમની દરેક ચીજને પોતાની તસ્બીહના માટે નિયમિત કરી આપી. પ્રાણીઓ, વનસ્પતિ, પથ્થરો અને તેના સિવાય સર્વ મખ્લૂક઼ાત તેની પાકી વર્ણવે છે. ★ પોતાના અસ્માએ હુસ્ના (મુબારક નામો)માં સુબ્બૂહ઼, કુદ્દુસને પણ પસંદ કર્યા જે દરેક અયબ તથા અયબની શક્યતા, અને ખામી તથા ખામીની શક્યતાથી તેની તન્ઝિયહ (બુરી વાતોથી દૂર હોવું) તથા પાકી પર દલીલ પૂરી પાડે છે. એનાથી સારી રીતે જાહેર થાય છે કે દરેક અયબ તથા ખામીથી ખુદાએ કરીમનું અઝલન્ અબદન (હમેશાંથી હમેશાં માટે) પાક હોવું જરૂરિયાતે દીનથી છે, જેનો સ્વીકાર દરેક બુધ્ધિવાળો તથા બેઅક઼લ અને વનસ્પતિ તથા પહાડ દરેક ચીજ કરે છે અને તેને પાક તથા બેઅયબ માને છે.

**ફાયદો-૨** : સાથોસાથ વારંવાર તેની હિદાયત તથા આકર્ષણ અપાવીને અને દરેક ચીજની તસ્બીહ ખ્વાનીનું એલાન કરીને અને પોતાને સુબ્બૂહ઼ તથા કુદ્દુસ બનાવીને પોતાના બંદાઓને સમજ તથા યક઼ીન બખ્શ્યું છે કે **અલ્લાહની જાત જૂઠ**

**તથા જૂઠની શક્યતા, એ જ પ્રમાણે દરેક પ્રકારના અયબો તથા અયબની શક્યતાથી પાક છે.** પણ આ સમજ તથા યક઼ીન એને જ મયસ્સર થઈ શકે છે જે તસ્બીહના ભાવાર્થને સમજીને દિલથી એને પઢે. એવું ન બને કે ગળાથી આગળ ન વધે, અથવા વિના સમજે તથા અર્થના યક઼ીન વિના પઢતો રહે.

**ફાયદો-૩** : તસ્બીહ એની જ શાન છે : لا ينبغى التّسبيحُ إلّا لَهٗ કેમ કે તે દરેક પ્રકારના અયબ તથા ખામીના ઈમ્કાને ઝાતી (ઝાતી તૌર પર શક્યતા)થી પાક છે જેનાથી એની જાત થકી જૂઠ બોલવાની શક્યતાનો પણ નકાર થાય છે.

તસ્બીહ, સુબ્હ઼ાન તથા સુબ્બૂહ઼નો અર્થ ઈમામ અબૂ ઝકરિયા નવવી શાફઈ رحمۃ اللہ علیہ આ પ્રમાણે લખે છે :

અહલે અરબિયા તથા ઉલમા ફર્માવે છે કે تسبيح (તસ્બીહ)નો અર્થ تنزيه પાકી વર્ણન કરવું, અને سُبحَانَ الله **(સુબ્હ઼ાનલ્લાહ)** મફઉલે મુત્લક઼ હોવાના લીધે મન્સૂબ છે. આખી ઈબારત થશે : سَبَّحتُ الله تسبيحا و سُبحانا તો سُبحان સુબ્હ઼ાનનો અર્થ છે, મેં હાદિષના દરેક અયબ અને દરેક સિફતથી અલ્લાહનું અયબથી પાક હોવુ તથા પાકી વર્ણવી. *(અલ્મિન્હાજ શરહે ઈમામુન્નવવી લિસહીહ મુસ્લિમ, ૧/૧૯૨)*

(અનુવાદ) : سُبُّوح (સુબ્બૂહ઼)નો અર્થ છે, ''તે જાત જે અયબોથી, શરીકથી અને તે સર્વ ચીજોથી જે ઉલૂહિયત (ખુદાની શાન)ની વિરૂધ્ધ હોય તેનાથી પાક તથા સાફ છે.

હાદિષ (પછી પેદા થનાર અને ફાની)ની સર્વ ખાસિયતો

તથા અયબો, ઉલૂહિયતની વિરૂધ્ધ છે તો એનો સાર પણ એ જ છે કે "સુબ્બૂહ઼" હાદિષની સર્વ ખાસિયતો તથા ખામીઓથી પાક હોય છે.

*(અલ્મિન્હાજ શરહે ઈમામુન્નવવી લિસહીહ મુસ્લિમ, ૧/૧૯૨)*

(અનુવાદ) : પ્રથમ વર્ણન થઈ ચૂક્યું કે તસ્બીહનો અર્થ એ છે કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા એ સર્વ ચીજોથી પાક તથા સાફ છે જે એની શાનને શોભાસ્પદ નથી. જેથી તે શરીક (ભાગીદારી)થી બીવી બચ્ચાંથી, અને મુત્લક઼ન સર્વ અયબોથી, અને અલલ ઈત્લાક઼ હુદૂષ (પાછળથી પેદા થનાર ચીજો તથા ફના થનાર)ની સર્વ નિશાનીઓથી પાક છે. *(અલ્મિન્હાજ શરહે ઈમામુન્નવવી લિસહીહ મુસ્લિમ, ૨/૩૪૫, મજલિસે બરકાત)*

**સાબિતીની ચર્ચા** : જૂઠ જુલ્મ, અજ્ઞાનતા, ઊંઘ, જરૂરત, લાચારી, મૌત એ અયબોમાંથી છે, અને આ બાબતોથી શક્યતા હુદૂષ (પાછળથી પેદા થનાર ચીજો અને પછી નષ્ટ થનાર)ની નિશાનીઓમાંથી છે, જેથી સાબિત થયું કે **અલ્લાહ ﷻ જૂઠ તથા જૂઠની શક્યતાથી પાક છે.** એ જ પ્રમાણે અલલ ઈત્લાક઼ (કોઈ શર્ત વિના) દરેક પ્રકારના અયબો તથા અયબની શક્યતાઓથી પણ પાક તથા સાફ છે.

એ જ કારણે તસ્બીહ ખુદાએ કુદ્દુસ સિવાય કોઈ અન્યની નથી પઢવામાં આવતી, કેમ કે મહાનથી મહાન હસ્તી અયબોથી પાક હોય શકે છે, બલ્કે હોય છે પણ હુદૂષની સર્વ ખાસિયતો તથા નિશાનીઓ, જેમ કે ઊંઘ, સૂવું, ખાવું, પીવું ઝાડા પેશાબ, લાચારી, ત્યાં સુધી કે મૃત્યુ તથા મૃત્યુની શક્યતા, ભલે એક ક્ષણ

માટે હોય એનાથી પાક તથા બેનિયાઝ નથી. જે અલલ ઈત્લાક઼ (બિનશર્તી રીતે) આ સૌથી પાક હોય તેની જ શાન સુબ્બૂહ઼િયત તથા કુદુસિયત છે અને તે જ એના લાયક છે કે તેની તસ્બીહ કરવામાં આવે. એટલા માટે સૈયદે કાઈનાત ﷺએ પોતાની અમુક હદીષોમાં ફર્માવ્યું :

سُبْحَانَ الَّذِی لَا یَنْبَغِی التَّسْبِیحُ إِلَّا لَهُ "પાક છે તે કે એના સિવાય કોઈના માટે તસ્બીહ યોગ્ય નથી."

*(જામેઅ તિર્મિઝી, ૧/૬૩, અબ્વાબુલ વિત્ર)*

## અહલે સુન્નતના અક઼ીદાનું સમર્થન

**(૨૨)** (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બેશક ! અલ્લાહ તઆલા ક઼યામતમાં આદમ علیہ السلامથી (આપની ઔલાદના બારામાં) પોતાના ફૈસલા સંબંધે ત્રણ સફાઈઓ આપશે :

★ અલ્લાહ તઆલા ફર્માવશે, હે આદમ ! જો મેં જૂઠાઓ પર લઅનત ન કરી હોત અને જૂઠ અને વાદાખિલાફીથી અદાવત ન રાખત, અને એના પર મેં ચેતવણીઓ ન કરી હોત તો આજે હું તારી બધી ઔલાદ પર જરૂર રહમ કરત, અને જે સખત અઝાબ મેં તેમના માટે તૈયાર કરી રાખ્યો છે તેનાથી નજાત અર્પણ કરી આપત. પરંતુ મારો ક઼ૌલ હક્ક઼ છે કે **જે મારા રસૂલોને જૂઠલાવશે અને મારી નાફર્માની કરશે તો હું જરૂર જહન્નમને એ સૌથી ભરી દઈશ.** *(કન્ઝુલ ઉમ્માલ, ફી સુનનિલ્ અક઼વાલ વલ્અફઆલ, ૨/૧૯૩૫, હ. ૩૯૭૬૭)*

આ હદીષ ઈમામ હકીમ તિર્મિઝી رحمۃ اللہ علیہએ નવાદિરુલ ઉસૂલમાં તખરીજ કરી છે તેની શરૂઆતમાં કાંઈક વધારો છે જે સનદ સાથે છે.

(અનુવાદ) : અમને અબ્દુલ્લાહ ઈબ્ને ઝિયાદે હદીષ વર્ણવી. તે કહે છે : અમને સૈયારે હદીષ વર્ણવી. તે કહે છે, અમને અબૂ આસિમ ઓબાદાનીએ હદીષ વર્ણવી. તે કહે છે, અમને ફઝલ બિન ઈસાએ હદીષ વર્ણવી. તે હઝરત હસન બસરીથી રિવાયત કરે છે. તેમણે ફર્માવ્યું કે હઝરત અબૂ હરૈરહ رضی اللہ عنہએ મિમ્બરે રસૂલ صلی اللہ علیہ وسلم પર અમને ખુત્બો આપ્યો, તો ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી ફર્માવતાં સાંભળ્યું કે બેશક ! અલ્લાહ તઆલા (અવલાદે આદમના વિશે પોતાના ફૈંસલાનું અયન હક્ક઼ હોવું સ્પષ્ટ કરવા માટે) હઝરત આદમને ત્રણ રીતે સફાઈ આપશે.... છેવટ સુધી.

આ હદીષ ઝઈફ છે. અહીં તેને કેવળ એટલા માટે રજૂ કરવામાં આવી છે કે જે અક઼ીદો અક઼્લે સલીમ (સદ્‌બુધ્ધિ) તથા કિતાબ તથા સુન્નત તથા ઉમ્મતના ઈજમાઅથી સાબિત છે, એનું સમર્થન આ હદીષથી થઈ જાય.

આ હદીષે પાક એ સ્પષ્ટપણે છે કે :

★ અલ્લાહ તઆલા જૂઠ તથા વાદાખિલાફીને નાપસંદ જાણે છે.

★ અને જૂઠ તથા વાદાખિલાફી પર અલ્લાહે ચેતવણી આપી છે.

એટલા માટે અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેના તથા તેના રસૂલોના નાફર્માનો પર રહમ નહીં કરે અને તેમને જહન્નમમાં નાખી દેશે.

એનાથી જાહેર થાય છે કે અલ્લાહ તબારક વ તઆલાથી જૂઠ તથા વાદા ખિલાફી અશક્ય છે કે જે ચીજ તેની દષ્ટિએ દુશ્મન (ધૃણાસ્પદ) છે તે એના માટે શક્ય ન થશે.

## રબનું અયબોથી પાક હોવા સંબંધે મુસ્લિમોનો ઈજમાઅ

અલ્લાહ તઆલા સર્વ અયબો તથા બુરાઈઓથી પાક સાફ છે એના પર સંયુક્તપણે મુસલમાનોનો ઈજમાઅ છે, કેમ કે જેનાથી પણ પૂછશો તે એવું કહેશે કે અલ્લાહ તઆલા પાક, બેઅયબ છે. અને એના વિરૂધ્ધ કોઈ વાત કહેવામાં આવે તો એનાથી નફરત તથા નારાઝગી પ્રદર્શિત કરશે.

**ચર્ચાનો સાર :** આ ત્રણ પ્રકારની દલીલો થઈ : ★ અકલી દલીલો ★ કિતાબ તથા સુન્નતની દલીલો ★ આમ મુસલમાનોનો ઈજમાઅ.

આ સૌ એ બાબતનાં સાક્ષી છે કે ખુદાએ સુબ્બૂહ તથા કુદુસ, જૂઠ તથા દરેક પ્રકારની અયબો તથા બુરાઈઓથી પાક તથા સાફ છે. સર્વ મખ્લૂક તેની પ્રશંસા કરે છે તથા તેની પાકી વર્ણવે છે. ખુદાએ બરતર વ તવાના પણ પોતાની પાકી તથા અસ્દકિયત (સૌથી સાચા) હોવાનું એલાન કરે છે. એટલા માટે **અહલે હક્ક, એહલે સુન્નત વ જમાઅત તેના હક્કમાં જૂઠ તથા જૂઠની શક્યતાને મુહાલે ઝાતી (ઝાતી તૌર પર અશક્ય) માને છે.** કાશ ! વહાબીઓ પોતાના આ અકીદાથી દૂર થઈને આ દલીલોની રોશનીમાં પોતાની સુધારણા કરી લે અને ખુદાએ કુદુસની અસ્દકિયત (સૌથી અધિક સાચા હોવા)ના માનનારા બની જાય.

*(હવાલો : અહાદીષે સહીહૈનસે ગૈર મુકલ્લિદીનકા ઈન્હેરાફ, ભાગ–૧)*